સુવિચાર
તમારા દીકરા કે દીકરીને જો એક જ ભેટ તમે આપી શકો તેમ હો તો તમે તેમને ઉત્સાહ જ આપજો
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૫/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૨૩

## ‘‘સુરજ તપે તો ભલે તપે, નાગરિકો મતદાન વિના ન જપે’’

# અમરેલી જિલ્લાનાં મતદારોને અચૂક મતદાન કરવા અનુરોધ

**જિલ્લાનાં ચૂંટણીતંત્ર સંપૂર્ણ તૈયારીઓ સાથે સજ્જ થઇ ગયું**

**મતદાન માટે ચૂંટણી કાર્ડ ઉપરાંત ૧૨ વૈકલ્પિક પુરાવાઓ માન્ય રહેશે**

**દિવ્યાંગ, વરિષ્ઠ મતદારો અને સગર્ભા મહિલાઓ મતદાન કરી શકે તે માટે વ્યવસ્થા કરાઇ**

**જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઇ**







અમરેલી, તા. ૬
લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. અમરેલી જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને પ્રેસ વાર્તાલાપ યોજાયો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી દહિયાએ જિલ્લા ચૂંટણીતંત્રની તૈયારીઓ, મતદાતાઓ માટે મતદાન મથક પર સુવિધા, હિટ વેવ પૂર્વેની તૈયારીઓ સહિતની વિસ્તૃત વિગતો જણાવી હતી. ચૂંટણીકાર્ડ ઉપરાંત

અનુસંધાન પાના ૬ ઉપર

### તંત્રી સ્થાનેથી...

## દેશનું ભવિષ્ય નક્કી કરનારી લોકસભાની ચૂંટણી હોય આજે અચૂક મતદાન કરજો

સમગ્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશનાં ૧૪૪ કરોડ દેશવાસીઓનું ભવિષ્ય નક્કી કરનાર લોકસભાની ચૂંટણીનું આજે સવારે ૭થી મતદાન શરૂ થવાનું હોય. ૭ કામ પડતા મુકીને પણ અચૂક મતદાન કરીને સાંસદ અને સાંસદ ધ્વારા પ્રધાનમંત્રી કોણ બને તે નક્કી કરવું અત્યંત જરૂરી છે.

અમરેલી સંસદિય મત વિસ્તારનાં ૧૦ લાખ કરતાં વધુ મતદારો તેમનું અને તેમના પરિવારનું અને બાળકોનું ભવિષ્ય કોને મત આપવાથી સમૃધ્ધસભર બને, બાળકોને રાહતદરે કે મફતમાં શ્રેષ્ઠ શિક્ષણ મળે, સસ્તી અને સારી આરોગ્ય સેવા મળે, મહિલાઓની સુરક્ષા વધે, મોંઘવારી ઘટે, પાયાની સુવિધાઓ એક ફોન પર મળે, ભ્રષ્ટાચારનો સામનો ન કરવો પડે સહિતની બાબતોનો ગંભીર વિચાર કરીને કોઈ પણ જ્ઞાતિ, જાતિની વાતોમાં ફસાયા વગર મતદાન કરજો.

વર્તમાન સરકારે દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં શું જનહિતમાં કાર્યો કર્યા તે અંગે પાંચ મિનિટ વિચાર કરી લેજો. દેશવાસીઓનાં સુખ, શાંતિ, સમૃધ્ધિ, શકિત, સુરક્ષા અને તંદુરસ્તીમાં વધારો થયો છે કે નહી તે જોઈને મતદાન કરજો.

### મતદાન મથકોના કર્મચારીઓ મતદાન સ્થળે પહોંચી ગયા

## અમરેલી લોકસભા બેઠક માટે ૧૮૪૧ મતદાન મથકો ઉપર ૧૭,૩૧,૦૪૦ મતદારો મતદાન કરશે

**૩૨૯૦ પુરૂષ અને ૬૦૪૫ મહિલા કર્મચારીઓ મતદાન મથકો પર ફરજ બજાવશે**





અમરેલી તા. ૬
આવતી કાલે અમરેલી લોકસભા બેઠક માટેની ચૂંટણી તંત્ર દ્વારા માટે મતદાન અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. આવતીકાલ ૭મી તારીખે મતદાન માટે ફરજમા રોકનરા કર્મચારીઓ ગઈકાલે જ જુદી જુદી વિધાનસભા વિસ્તારમાં પહોંચાડી દેવાયા હતા. જયાંથી આજે સવારે બુથ પર રવાના કરી દેવામાં આવેલ છે. આવતી કાલે યોજનાર મતદાન માટે ૬૦૪૫ કર્મચારી માત્ર મતદાનની પ્રક્રીયામાં ફરજ બજાવશે.

અમરેલી લોકસભા બેઠક માટે મતદાન મથકોમાં કુલ ૧૭,૩૧,૦૪૦ મતદારો માટેના મતદાન માટે ૩૨૯૦ પુરૂષ કર્મચારી અને ૨૭૫૫ સ્ત્રી કર્મચારી મળી કુલ ૬૦૪૫ કર્મચારી મતદાન મથકો પર ફરજ બજાવશે. જયારે ગારીયાધાર અને મહુવા વિસ્તારના કર્મચારીઓ અલગ અલગ રહેશે. જેનું સમગ્ર સંચાલન જે તે તાલુકામા થઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના તમામ કર્મચારીઓને ગઈકાલે જે તેમને જે વિધાનસભા વિસ્તારમા બુથ પર ફરજ બજાવવાની મુખ્ય સેન્ટર પર પહોચાડી દેવાયા હતા. તંત્ર દ્વારા જ આ કર્મચારીઓ માટે રહેવા જમવાની વ્યવસ્થા કરાઈ છે. આજ સવારથી જુદાજુદા ૫ ડિસ્પેચીંગ સેન્ટર પરથી આ કર્મચારીઓને તેમના બુથ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઘાસચારા અને પાણી વગર લઈ જવાતી હોય

## અમરેલીનાં વરસડા ચોકડી નજીક ભેંસ જીવ નંગ-૯ને બચાવી લેવાઈ

**પોલીસે બે ઈસમોની કરી અટકાયત**

અમરેલી, તા. ૬
અમરેલીમાં રહેતા રફીકભાઈ હબીબભાઈ ખોરાણી તથા અફઝલભાઈ ઈસ્માઈલભાઈ ખોરાણીયએ પોતાના હવાલાવાળા ટ્રક

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

મગજ, કરોડરજ્જુ, મણકાના દર્દીઓ માટે
ફ્રી નિદાન કેમ્પ
તારીખ : ૦૭-૦૫-૨૦૨૪, મંગળવાર
સમય : સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ સુધી.
કયા દર્દીઓ લાભ લઈ શકે.
✓ મગજ, કરોડરજ્જુ, મણકાના રોગો
✓ પક્ષાઘાત, આંચકી
✓ મણકામાં ગાદી ખસી જવી
✓ નસ પર દબાણ આવવુ
✓ હાથ-પગમાં ખાલી ચડવી, સાયટીકા
✓ અકસ્માતમાં મગજ-કમરમાં થયેલ ઈજા
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
ડૉ. લાલજી માંગુકીયા
(એમસી.એચ.)
કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.

Health check-up Package
AIMS HOSPITAL-AMRELI
Care is our culture
CBC ( લોહીના કણ )
FBS ( સુગર )
CREAT ( કિડની )
TSH ( થાઈરોડ )
ECG ( કાર્ડિયોગ્રામ )
2D ECHO ( હૃદયની સોનોગ્રાફી )
PHYSICIAN COUNSALTANT
CARDIOLOGIST COUNSALTANT
TOTAL = 3280/-
Package price 1999/-
CBC ( લોહીના કણ )
FBS ( સુગર )
HBA1C ( ડાયાબિટીસ )
ELECTROLITE ( મીઠાનું પ્રમાણ )
TSH ( થાઈરોઈડ )
CREAT (કિડની)
SGPT (લિવર)
ECG (કાર્ડિયોગ્રામ)
2D ECHO (હૃદયની સોનોગ્રાફી)
TMT ((હૃદય માટે) ટ્રેડમીલ ટેસ્ટ)
PHYSICIAN CONSULTANT
CARDIOLOGIST CONSULTANT
TOTAL = 5830/-
Package price 2999/-
એઈમ્સ હોસ્પિટલ
24/7 Emergency Services
Emergency Call
76 108 108 27 / 57
કેસ નોંધાવવા માટે 02792-222060

### ભેંસનાં સ્થળે ખાતર નાખવાનું કહીને

# બાબરાનાં દરેડ ગામે કાકાએ ભત્રીજા અને ભાભીને ખપાળી વડે માર માર્યો

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાના દરેડ ગામે રહેતા અને ખેતી કામ કરતાં કરણભાઈ રાજાભાઈ ગરૈયા નામનાં ખેડૂત ૨૩ વર્ષિય યુવક તથા તેમની માતા જયાબેન પોતાની વાડીએ ભેંસો બાંધેલ તેમને માં–દિકરો નિરણ પાણી નાખતા હતા. તે દરમ્યાન કરણભાઈના સગા કાકા આરોપી લાભુભાઈ અમરાભાઈ ગરૈયા સનેડો ટ્રેકટર લઈને આવી ખેડૂત યુવકને કહેલ કે તારી ભેસો બાંધેલ છે ત્યાં મારે ખાતર નાખવાનું છે તું તારી ભેંસો બીજા સ્થળે લઈ જા. તેમ કહી ખેડૂત યુવકને ગાળો આપી એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપી પાસે રહેલ લોખંડની ખંપાળી વડે ખેડૂત યુવકને માથાના ભાગે ખપાળીના ઘા મારી દેતા ખેડૂત યુવકને માથામાં ગંભીર ઈજા કરી નીચે પાડી દઈ ડાબા પગે ઈજા કરેલ. આ દરમ્યાન ખેડૂત યુવકને બચાવવા તેમની માતા જયાબેન વચ્ચે પડતા તેને પણ લોખંડની ખંપાળીનો એક ઘા તેણીને મારતા કપાળમાં ડાબી બાજુ મારતા ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસ.ટી.ડેપોનાં સત્તાધીશોની બેદરકારી

# બગસરાનાં એસ.ટી. ડેપોમાં યુરિનલની સફાઈનાં અભાવે મુસાફરો ત્રાહીમામ

## સફાઈકર્મીનાં અભાવે સફાઈ થતી નથી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

વિગત અનુસાર બગસરા એસ. ટી. ડેપોમાં યુરીનલમાં સફાઈના આભાવે ગંદકી અને અતિ દુર્ગંધ યુકત બની ગયા છે જયારે બગસરા ડેપોમાં રોજના બહોળી સંખ્યામાંમાં મુસાફરોની અવર–જવર રહેતી હોય છે જેથી લોકો ને બસમાંથી ઉતરતા જ બસ સ્ટેન્ડમાં બેસતાની સાથે જ માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી લોકો પરેશાન થયા છે જયારે બસની રાહ જોય ને બેસતા પેસેન્જરો તો ત્યહિમામ પોકારી ગયા છે હાલમાં ડેપો મેનેજર દ્વારા સફાઈ કર્મીની હકાલ પટ્ટી કરવામાં આવી છે કારણ કે જે તે સફાઈ કર્મીનું પેસેન્જરો સાથે ના અમનસ્વી વર્તન અને બેફામ રૂપિયા ઉઘરાવતા હતા જેથી સફાઈ કર્મી ને છૂટા કરયા હતા આ કર્મી ને છૂટા કર્યા એને આજે ૭ દિવસ થયા છે પરંતુ હજુ સુધી નવા કર્મચારી મુકેલ નથી.

નવા કર્મચારીના મૂકતાં આ યુરીનલમાંથી મળ મૂત્ર બહાર આવતા લોકોને યુરીનલમાં જવુ તો ઠીક પરંતુ ડેપો માંબેસવુ પણ મુશ્કેલ બની ગયું છે ભયંકર દુર્ગંધના લીધે પેસેન્જરો તો ઠીક પરંતુ અહીં નોકરી બજાવતા કર્મચારીઓને પણ આ ભયંકર દુગઁધમાં બેસવુ મુશ્કેલ બની ગયું છે ડેપોમાં આવતાની સાથે જ આવી ભયંકર દુર્ગંધના લીધે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે

### પુર્વ ધારાસભ્ય અંબરિશ ડેર મિત્ર મંડળ દ્વારા

# અમરેલી લોકસભા ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં સમર્થનમાં ત્રાકુડા ખાતે સભા યોજાઈ

## નરેન્દ્ર મોદીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા હાંકલ

ખાંભા, તા. ૬

ખાંભાના ત્રાકૂડા ગામે અંબરીશભાઈ ડેર ના મિત્રમંડળ દ્વારા આયોજિત સ્નેહ સંવાદ સંમેલનમાં મોટી સંખ્યામાં જંગી જાહેરસભાને ગજાવતા મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી અને સ્ટાર પ્રચારક રઘુભાઈ હૂંબલના અધ્યક્ષ સ્થાને તેમજ ભારતીય જનતા પાર્ટીના ૧૪– અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તથા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારી ના ધારાસભ્ય જેવી કાકડીયા તથા યુવા આગેવાન અલ્પેશભાઈ કથીરીયા અને ધાર્મિક માલવિયાની ઉપસ્થિતિમાં ખાંભા તાલુકાના ત્રાકૂડા ગામે મોટી જનમેદની સાથે અંબરીશભાઈના નેજા હેઠળ યોજાયેલ સ્નેહ સંવાદ સંમેલનમાં મંચસ્થ ઉપર ઉપસ્થિત મહાનુભાવો એ પોતાના પ્રવચનમાં નરેન્દ્ર મોદીને ફરીવાર ત્રીજી વખત દિલ્હીની ખુરશી સુધી પહોંચાડવા માટે ૭ તારીખે મતદાન કરી જંગી મતદાન કરી વિજય બનાવવા માટે આહવાન કર્યું હતું.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

આ તકે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે હું એક સામાન્ય ખેડૂત શું અને હું જાણું શું ખેડૂતોની વેદના હું સમજું છું. ગરીબોની વેદના સામેની પાર્ટી ઈંગ્લેન્ડ સુધીનો અભ્યાસ કર્યો છે. પરંતુ હું દસ પાસ શું એલોકો કહે છે. કે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર આટલું બધું ભણેલા નથી પરંતુ મને ખબર પડે છે કે જનતા જનાર્દન માટે ના પ્રાણ પ્રશ્નો કેવી રીતે રજૂ કરવા તેઓએ જણાવ્યું કે આપણે ત્રીજી વખત નરેન્દ્રભાઈ મોદીને પાંચ લાખ વોટથી જંગી મતદાનથી વડાપ્રધાન બનાવવા ના છે તો સે તા ૭ મેં ના રોજ કમળનું બટન દબાવી તમારો કિંમતી મતદાન કરવા જણાવ્યું હતું આ તકે પુર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા જણાવાયું હતું કે ખાંભા તથા આજુબાજુના વિસ્તારોમાં પાંચ વર્ષ જે પણ મારાથી આ વિસ્તારમાં સેવા કરવાની તક મળી થી ફરી પછી જે પણ તે મરશે તો આ વિસ્તારનો વિકાસ માટે હું ફરી મહેનત કરીશ આ સ્નેહ સંવાદ સંમેલન માં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી અને સ્ટાર પ્રચારક રઘુભાઈ હુંબલ ભારતીય જનતા પાર્ટીના અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તથા ધારાસભ્ય જેવી કાકડીયા, તથા યુવા આગેવાન અલ્પેશ કથીરીયા, ધાર્મિક માલવિયા, પ્રવિણભાઈ બારૈયા સહિત ખાંભા તાલુકાના હોદેદારો તથા આજુબાજુના સરપંચો કાર્યકર્તાઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમની આભાર વિધિ ખાંભાના સરપંચ બાબાભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવી હતી અને તેઓએ જણાવ્યું હતું કે અંબરીશભાઈ ડેર ને પુર્વ ધારાસભ્ય નહીં કહેતા તેઓએ મિનિસ્ટર બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી આ સ્નેહ સંવાદ સંમેલનકાર્યક્રમ પૂર્ણ થતાં સે કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં સાથે ભોજન લીધું હતું.

### તા. ૭ મે ૨૦૨૪ મતદાનના દિવસે મતદાન મથક ખાતે મતદારો માટે આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ

# મતદાન મથકો પર પીવાનુ પાણી, મેડિકલ કિટ, સ્વયંસેવકો, છાંયા-શેડની વ્યવસ્થા, કતાર વ્યવસ્થાપન તેમજ દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે આવશ્યક સુવિધાઓની વ્યવસ્થા

## મતદારોને લોકશાહીનાં મહાપર્વમાં પોતાની સહભાગીદારીપણું નોંધાવી, પોતાના મતદાધિકારીનો ઉપયોગ કરવા અમરેલી જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા અનુરોધ

અમરેલી, તા. ૬


લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત તા.૭ મે, ૨૦૨૪ને મંગળવાર રોજના સવારે ૦૭.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. મતદારોને મતદાનનો સુગમ અનુભવ મળે તે માટે તમામ મતદાન મથકો ખાતે જઢરી આવશ્યક સુવિધાઓની વ્યવસ્થાઓ (Assured Minimum Facilites) જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

આવશ્યક સુવિધાઓમાં મતદાર સહાય બુથ, જઢરિયાતમંદ મતદાર માટે રેમ્પની વ્યવસ્થા, સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા, પર્યાપ્ત ફર્નિચર વ્યવસ્થા, મતદાન મથકની અંદર યોગ્યલાઈટીંગ–વીજળીની વ્યવસ્થા મતદાન મથક ખાતે યોગ્ય સંકેત દર્શાવતા બોર્ડની વ્યવસ્થા, પુઢષ તથા મહિલા મતદારો માટે અલગ શેચાલયની વ્યવસ્થા, ગરમીથી રક્ષણ માટે મતદાન મથક ખાતે છાંયા–શેડની વ્યવસ્થા, મતદાર સુવિધા પોસ્ટરનું પ્રદર્શન, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર મતદાન મથકની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત અન્ય સુવિધાઓમાં મેડિકલ કિટ, સ્વયંસેવકો, કતાર વ્યવસ્થાપન, સરબતની વ્યવસ્થા (સવારના ૧૧ થી સાંજે ૪ કલાક સુધી) ઉપલબ્ધ રહેશે. ''સક્ષમ'' મોબાઈલ એપ્લિકેશન મારફત આવેલી વિનંતીઓના આધારે દિવ્યાંગ મતદારો તથા સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિકો) મતદારોને વ્હીલચેર, સ્વયંસેવકો, પીક અપ અને ડ્રોપ વગેરે જઢરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મતદાનના દિવસે તમામ મતદારોને મતદાનના દિવસ તા. ૭/૫/૨૦૨૪ના રોજ પેઈડ હોલી–ડે (સવેતન રજા) આપવામાં આવશે. જેથી તમામ મતદારોને લોકશાહીના મહાપર્વમાં પોતાની સહભાગીદારિપણું નોંધાવી, પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા જિલ્લાના તમામ મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલાના પત્રકાર દિપક પાંધીનો આજે જન્મદિવસ

સાવરકુંડલા તા. ૬

સાવરકુંડલા ખાતે પત્રકારીત્વ ક્ષેત્રે સેવા આપતા ઉત્સાહી અને ઊંડી સૂઝ બુઝ ધરાવતા પત્રકાર દિપક પાંધી નો આજે જન્મદિવસ છે પત્રકાર દિપક પાંધી જીવન યાત્રાના ૫૬ વર્ષ પૂરા કરી રહ્યા છે ૧૯૮૫થી પિતાના પગલે સમાજને તટસ્થ માહિતી આપવા પત્રકારત્વની સેવા સ્વીકારી ગુજરાતના અગ્રણી અખબાર સમૂહ ઈન્ડિયન એકસપ્રેસ ગ્રુપના લોકસતા–જનસતા અને ભાસ્કર ગ્રુપના દિવ્યભાસ્કર – સૌરાષ્ટ્ર સમાચારમાં પત્રકાર તરીકે ફરજ બજાવી ચૂકયા છ. હાલ રાજકોટ થી કીરીટકાકાના વડ પણ નીચે પ્રસિદ્ધ સાંજના અગ્રણી અખબાર અકિલામાં પત્રકાર તરીકે કાર્યરત હોય દિપક પાંધી સમાજના તમામ ક્ષેત્રના આગેવાનો, કાર્યક્ર મિત્રો, સંસ્થાઓ સાથે વ્યાપક સંપર્ક ધરાવે છે. તલસ્પર્શીય સમાચારો મેળવી ઝડપથી વાચકો સુધી પહોંચાડવા ખોટું કરવું નહીં અને ખોટું કરનારને સહકાર આપવો નહીં લાયકાત કે યોગ્યતા વગર કોઈને ખોટી પ્રસિદ્ધિ આપવી નહીં અને લાયક સેવાકીય સંસ્થાઓ, કાર્યકરો, સામાજિક આગેવાનની સેવા પ્રવૃતિને સમાજ સમક્ષ



રજૂ કરવી આમ જનતાનાં પ્રશ્નોને અખબારના માધ્યમથી વાચા આપવી તેવા વારરસામાં મળેલા નિષ્ઠા અને પ્રમાણિકતા સાથેના રચનાત્મક પત્રકારત્વનો સિદ્ધાંત સ્વીકારી પત્રકારીત્વ ક્ષેત્રે અદકેરું સ્થાન હાસલ કર્યુ છે. રચનાત્મક તેમજ પ્રામાણિક પત્રકારત્વ અને સૌમ્ય સ્વભાવથી સમાજમાં લોકપ્રિય બનેલા પત્રકાર દિપક પાંધીને જન્મદિન નિમિતે મિત્રો, સ્નેહીજનો, રાજકીય–સામાજિક આગેવાનો સાથી પત્રકાર મિત્રો તરફથી મોબાઈલ નંબર ૯૩૭૭૪ ૪૬૯૫૦ખ ઉપર શુભેચ્છાઓ વારસી રહી છે.

### પૂ. ભકિતરામબાપુની જહેમતથી

# સાવરકુંડલાના માનવ મંદિરમાંથી ૧૨૦મી મનોરોગી મહિલા તંદુરસ્ત બની

## મનોરોગી મહિલાનાં પરિવારજનો ખુશ થયા



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમ સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર આવેલો છે જયાં હાલમાં ૬૩ જેટલી નિરાધાર મનોરોગી બહેનો છે જે વિવિધ પ્રાંતમાંથી આવે છે અને જેને પોલીસ મૂકવા આવે છે તેવી આ નિરાધાર મનોરોગી બહેનો ભકિ બાપુની મિશ્રામાં પૂનમ જીવન પ્રાપ્ત કરવાનું પ્રયાસ કરી રહી છે. ત્યારે આજે ૧૨૦ મી મનોરોગી બહેન સાજા થઈ સમાજમાં પુનઃસ્થાપિત થયા આજથી છ વર્ષ પહેલા તારીખ ૨૪ .૭. ૨૦૧૯ ના રોજ ડાહીબેન બટુકભાઈ ઝાપડા રાજકોટ માર્કેટિંગ યાર્ડમાંથી માનવ મંદિરમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે તેમનું વજન ૪૨ કિલોને ૮૦૦ ગ્રામ હતું આજે તા. ૫.૫. ૨૪ ના રોજ રાજકોટથી તેમના બંને ભાભી વિજુબેન જીવનભાઈ અને ભાનુબેન હકાભાઈ માનવ મંદિરેથી તેડી ગયા છે હાલ તેમનું વજન ૬૫ કિલો ને ૩૦૦ ગ્રામ છે.

માનવ મંદિરના સંત ભકિ બાપુએ જે હેતુસર આ મનોરોગ્ય આશ્રમ શરૂ કર્યો હતો તે હેતુ આજે સેવકોના સહયોગથી ખૂબ જ સફળ થઈ રહ્યો છે તેનો બાપુએ રાજીપો પણ વ્યક્ત કર્યો હતો.

### સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં આદેશનાં આધારે

# અમરેલીનાં જસવંતગઢ ગામનાં ઈસમને જિલ્લામાંથી હદપાર કરી દેવાયા

## એક વર્ષ માટે જિલ્લામાં પ્રવેશવા પર પ્રતિબંધ

અમરેલી, તા. ૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માટે સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જરૂરી સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર.જી. ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી તાલુકા પોલીસ



ટીમ દ્વારા અમરેલી તાલુકા વિસ્તારમાં અવાર–નવાર ગેરકાયદેસર પ્રોહી પ્રવૃત્તિ આચરતા જે અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ઈસમોને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ. જે અન્વયે અમરેલી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એમ.જે. નાકિયાએ હરેશભાઈ મનજીભાઈ ચારોલીયા (રહે.જસંવતગઢ) ને અમરેલી જિલ્લામાંથી એક વર્ષની મુદત માટે હદપાર કરવા હુકમ કરતા ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરા પંથકમાં પવનચક્કીનો કેબલ ચોરી કરનાર ઈસમની અટકાયત


## આરોપી સંજય સોલંકી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૬

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે અમરેલી જીલ્લામાં બનતા મિલકત સબંધીત અનડિટેકટ ગુન્હાઓમાં ત્વરીતપણે પગલા લઈ ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય. બાબરા પોલીસ સ્ટેશનમાં પાર્ટ આઈપીસી કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબનો ગુન્હો ગત તા. ૨૫/૪ ના રોજ રાત્રીના આશરે એક વાગ્યાથી સવારના સાત વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા વ્યકિતએ કોટડાપીઠા ગામે, હડીયાધાર વિસ્તારમાં આવેલ પવનચકકીની સાઈટ ઉપર પી.કે. પાવરટેક નામની કંપનીના પવનચક્કી લોકેશન નંબર–૧૪ જેમાં પેનલબોક્ષમાંથી અલગ અલગ કંપનીની નાની મોટી એમ.સી.બી. નંગ–૫૦ જેની અંદાજીત કિંમત રૂા.૧૦,૦૦૦ તથા એબીબી કંપનીના કોન્ટેકટર નંગ–૫ જેની અંદાજીત કિંમત રૂા. ૨૫,૦૦૦ તથા કોપર વાયર આશરે–૧૫૦ મીટર જેની અંદાજીત કિંમત રૂા.૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૪૫,૦૦૦ની કોઈ અજાણ્યા ઈસમે ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ છે. જે અન્વયે બાબરા પોલીસ



સ્ટેશનના પો.ઈન્સ. સી.એસ. ફુગસીયાની રાહબારી કોટડાપીઠા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં તપાસમા હતા તે દરમ્યાન ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ તથા ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ વાહન મારૂતિ સુઝુકી સુપર કેરી સાથે આરોપી સંજય વસંતભાઈ સોલંકી (રહે. મોરબી), સાયર દલસુખભાઈ મકવાણા સહિત પાંચ ચોર ઈસમોને પકડી પાડી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કીશોરને ડીટેઈન કરી ગણતરીની કલાકોમાં અનડીટેકટ ગુન્હાને ડીટેકટ કરી બાબરા પોલીસ ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.



# વડિયાનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનો ડોર-ટુ-ડોર પ્રચાર



સમગ્ર દેશમાં ચુંટણી નો માહોલ ચાલી રહ્યો છે ત્યારે આજે સવારથી વડિયા શહેરમાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ વેપારીઓ પાસે દુકાને દુકાને જઈને ડોટ ટુ ડોર રૂબરૂમાં પ્રચાર કર્યો હતો જેમાં વેપારીઓ અને ગ્રામજનોએ સારો એવો પ્રતિસાદ આપ્યો હતો જેમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ લોકો ભાજપ તરફે મતદાર કરવા માટે અપીલ કરી હતી આ તકે વડિયા કુંકાવાવ તાલુકા ભરના ભાજપ કાર્યકરો અને આગેવાનોને ઉપસ્થિત રહ્યા હતા સાથે તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા જીલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ રાંક તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તુષારભાઈ વેગડ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર સહિતના મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા.

## શનિવારે રાત્રિનાં વિશાળ જનમેદની વચ્ચે જેનીબેન ઠુંમરની સટાસટી

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ''ઈન્ડિયા'' ગઠબંધનની જાહેરસભા યોજાઈ

**અમરેલી સંસદિય મત વિસ્તારમાં ઉદ્યોગોનું સ્થાપન કરીને બેરોજગારીને દૂર કરાશે**

**નેશનલ હાઈવે, બ્રોડગેજ રેલ્વે, સ્કૂલ, સરકારી દવાખાનાની સુવિધા વધારાશે**

**ખેડૂતોનાં દેવા માફ કરીને પોષણક્ષમ ભાવો આપવામાં આવશે**

**સિંચાઈ અને પીવાનાં પાણીની સમસ્યા દૂર કરીને ખેડૂતોને સધ્ધર બનાવાશે**



અમરેલી, તા. ૬

અમરેલી–મહુવા–ગારીયાધાર વિસ્તારના શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરની આજે જાહેરસભા યોજાઈ હતી. જેમાં તેમણે અમરેલીની શિક્ષીત અને સમજુ જનતાને સંબોધન કર્તા જણાવ્યુ કે, અમરેલી જિલ્લા પર પછાતનું લેબલ લાગે છે તેનું મને ખુબ દુઃખ થાય છે. ત્યારે અમરેલી જિલ્લાને વિકસીત બનાવવા માટે સૌથી મહત્વનું પાયાનું કાર્ય છે તે શિક્ષણ છે. ગાયકવાડી રાજ નીચે આવતા અમરેલી જિલ્લામાં રાજાશાહી વખતમાં ફરજીયાત મફત શિક્ષણનો અધિકાર હતો ત્યારે અમરેલી, મહુવા, ગારીયાધાર, જેસર વિસ્તારના એક પણ ગામડામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની અછત ન રહે અને જુની પુરાની સ્કુલનું નવીનીકરણ થાય અને આધુનિક મોડેલ સ્કુલ બનાવવા માટે મારા પ્રયત્નો રહેશે. આ ઉપરાંત હાઈસ્કુલથી કોલેજ, એન્જીન્યરીંગ, મેડીકલ, ફાર્મસી, એરોનેટીક, રાજુલાના દરીયા કાંઠે શિપીંગ એન્જીન્યરીંગ કોલેજ શરૂ કરવા માટે મારી સરકારમાં રજુઆત રહેશે અને જો કોઈ સંસ્થા તેમાં આગળ આવશે તો તેમાં મારો સહકાર રહેશે.

અમરેલી જિલ્લામાં પાણીની અછતના કારણે ઉદ્યોગો આવતા નથી માટે રાજય અને કેન્દ્ર સરકાર પાસે અમરેલીના ઔદ્યોગીક હેતુ માટે પાણીની વ્યવસ્થા કરવાની મારી હંમેશા માંગણી રહેશે.

અમરેલી શહેર અને જિલ્લામાં લાખો નોકરીયાત લોકો છે તેમને જુની પેન્શન સ્કીમ મુજબ પેન્શનની માંગણી કરી રહ્યા છે તે લડતને મારો સંપૂર્ણ ટેકો રહેશે. આ ઉપરાંત હોમગાર્ડને દૈનિક રૂા. ૭૦૦ અને જી.આર.ડી.ને રૂા. ૫૦૦ દૈનિક મહેનતાણું મળે અને તેમને કાયમી નોકરીનો દરજજો આપવામાં આવે તેવી મારી માંગણી રહેશે. વિધવા અને વૃધ્ધ પેન્શનની મર્યાદા ૫૦૦ અને ૧ હજારથી વધારીને રૂા. ૨૫૦૦ કરવામાં આવે તેવી મારી માંગણી છે. અમરેલી–ચલાલા–ધારીનું ગેજ પરિવર્તન થાય અને બ્રોડગેજની મંજુરી મળે તે માટે મારી સતત રજુઆત રહેશે અને અમરેલી શહેર ઉપરાતં લાઠી–દામનગર–લીલીયા–સાવરકુંડલા–મહુવા વિસ્તારમાંથી લાંબા અંતરની પેસેન્જર ટ્રેન મળે તેમજ અયોધ્યા, કાશી, મથુરા અને ચારધામ યાત્રા ધામની અહિંયાથી દૈનિક ટ્રેન મળે, અમરેલી જિલ્લાની ઘણી નગરપાલિકાના કર્મચારીઓને નિયમીત પગારનો પ્રશ્ન છે તે પ્રશ્ને તુરંત કાર્યવાહી થશે તેવા મારા પ્રયત્નો રહેશે.

કોંગ્રેસે બનાવેલા ડેમોને બાદ કરતા ભાજપ સરકારે એક પણ ડેમ બનાવ્યો નથી ત્યારે અમરેલીના બાબાપુર પાસે સાતલડી ડેમની ત્રણ ત્રણ વખત જાહેરાત રાજય સરકારે કરી છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે આ ડેમ તાત્કાલીક બને તે માટે રાજય સરકાર પાસે અમારી કાયમી રજુઆત રહશે.

અમરેલી જિલ્લાને પ્રવાસ ઉદ્યોગનો લાભ મળે તે માટે ભુરખીયા, ધારી, તુલસીશ્યામ સહિતના પ્રવાસન સ્થળોનો રોડ ફોર લાઈન બને તેવી અમારી માંગણી છે અને તે માટે હું પ્રયત્નશીલ રહીશ.

અમરેલી જિલ્લામાં રેડીયોના શોખીનો માટે કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવેલી વિવિધ ભારતી રેડીયો ચેનલ પુનઃ શરૂ કરવામાં આવે તેવી અમારી માંગણી છે. મારી અમરેલીની બહેનો ખુબ મહેનતુ છે ત્યારે તેમેન વધુમાં વધુ ગૃહ ઉદ્યોગ મારફત રોજગારી મળે તેવી મારા પ્રયત્નો રહેશે.

અમરેલી જિલ્લાના રોડ–રસ્તા અને પુલીયાના પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તે માટે સતત મારી રજુઆતો રહેશે. અમરેલી એસ.ટી. ડેપો ચાર વર્ષથી ગોકળ ગતીએ બની રહ્યો છે તેનું કામ પુરૂ થઈ ચૂકયુ છે અને તેમાં દુકાનદારોએ પોતાના ધંધા–રોજગાર શરૂ કર્યા છે ત્યારે એસ.ટી. વિભાગ તાત્કાલીક અસરથી એસ.ટી. ડેપો ચાલુ કરે તેવી મારી માંગણી છે.


અમરેલી જિલ્લાના ખેડૂતોને આધુનિક ખેતી તરફ વળે તે માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ ખેડૂતોને મળે તે માટે મારા પ્રયત્નો રહેશે અને ખેડૂતોને કપાસ અને અન્ય ખેત પેદાસોના ભાવ એમ.એસ.પી. પ્રમાણે મળે તે માટે રાહુલ ગાંધીએ કરેલી ગેરંટીની જાહેરાતને મારૂ સંપૂર્ણ સમર્થન છે.

આ તકે ઉપસ્થિત ગુજરાતના પ્રભારી મુકુલ વાસ્નીકજીએ આધુનિક ભારતના નિમાર્ણ અને મોંઘવારી અને બેરોજગારીથી પીડાતા લોકોને કોંગ્રેસનો મેનીફેસ્ટોની ગેરંટી વાંચી સંભળાવી હતી. જેમાં તેમણે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવશે. સરકારી નોકરીઓમાં પેપરલીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, **બહેનો માટે :** ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, **મજુરો માટે :** મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. **ન્યાય :** આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ–જંગલ–જમીનનો કાનૂની હકકવન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસી બહુમતિવાળા વિસ્તારોમાં અધસુિચિત થાશે તેમ તેમણે જણાવ્યુ હતુ.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે લોકોને ગેસનો બાટલો અને ટુવ્હીલ અને ફોર વ્હીલની પેટ્રોલ–ડીઝલની ટાંકીને જોઈ અને આપની આજુ–બાજુમાં રહેલ શિક્ષીત બેરોજગારની પરિસ્થિતિ જોઈ અને મતદાન કરવા અપીલ કરી હતી.

આ તકે વિરજીભાઈ ઠુમ્મરે જણાવ્યુ હતુ કે, મોદી સરકારે ૫ ઉદ્યોગપતિઓના ૧૫ લાખ કરોડ માફ કર્યા છે. ત્યારે દેશનો ખેડૂતોને પોતાની માંગણીઓ માટે આંદોલનો કરવા પડે છે. કેન્દ્રમાં સરકાર આવશે એટલે પહેલી કેબીનેટમાં ખેડૂતોના દેવુ માફ કરશે સાથે જણાવ્યુ કે વેકસીન બનાવતી કંપનીની લંડન કોર્ટમાં કબુલાત પછી સાહેબના સર્ટીફીકેટ પરથી ફોટા ગાયબ કરી દેવામાં આવ્યા છે.

આ તકે અન્ય આગેવાનોમાં સંમુદાસજી મહારાજ વાદળીયા હનુમાન, હસુભાઈ બગડા, અહેમદ શેખ, મૂળશંકર તેરૈયા, મુઝફર હુસેન સૈયદ, સંદીપભાઈ ધાનાણી, નિશિત પટેલ, વસરાભાઈ, વલ્લભભાઈ ઝીંઝુવાડીયા, સંદીપભાઈ પંડયા, નગરપાલિકા સદસ્ય પ્રકાશભાઈ, પ્રહલાદ સોલંકી, સમીર કુરેશી, રાજુભાઈ બીલખીયા, અશોકભાઈ ચાવડા ચલાળા, રફિકભાઈ મોગલ, નરેશભાઈ અધ્યારૂ, જમાલભાઈ મોગલ, અરવિંદભાઈ સીતાપરા, ખોડાભાઈ માળીયા, નીતિનભાઈ ત્રિવેદી, ભીખાભાઈ દેવાણી, વિજયભાઈ ગોગતીયા, બહાદુરભાઈ બેરા, રમેશભાઈ પરમાર, જીવરાજભાઈ પરમાર, આમ આદમી પાર્ટીના સુખાભાઈ વાળા, જૈનિશભાઈ ગોઢાવદર, ભરતભાઈ લાડોલા, મુન્નાભાઈ જુઠાણી, નંદાભાઈ ભડકન, અનિ સી ગોહિલ, લીગલ સેલનાં પ્રતિકભાઈ મોરઝરીયા, હંસાબેન જોશી કંચનબેન પરમાર, જનકભાઈ પંડયા, જગદીશભાઈ પાનસુરીયા, જગદીશભાઈ તળાવીયા, ડી.ડી. પરમાર, વસંતભાઈ કાબરીયા વગેરે મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.






















# ગુજરાતની આ બેઠકો જ્યાં ભાજપને મળશે જબરદસ્ત ટક્કર

**ભરૂચ બેઠક :**

**ભરૂચ બેઠક પર આમ આદમી પાર્ટીનાચૈતર વસાવા અને ભાજપના મનસુખ વસાવાની વચ્ચે થવાની છે ટક્કર**

લોકસભાની ચુંટણીમાં એવી બેઠકો છે જેના પર ભાજપને પણ જબરની ટક્કર મેળવાની છે જેમાં ભરૂચ બેઠક મોખરે છે કેમ કે આ બેઠક પર આમ આદમી પાર્ટીનાચૈતર વસાવા અને ભાજપના મનસુખ વસાવાની વચ્ચે થવાની ટક્કર છે.જો વાત કરીએ ભરૂચ બેઠકની તો ભરૂચમાં કુલ અદાજીત મતદારો ૧૭ લાખ ૧૮ હજાર ની આસપાસ છે. જેમાં સોથી વધુ સંખ્યા અદાજીત ૫ લાખ ૩૪ હજાર આદિવાસી મતદારીની છે, પરંતુ આ સીટ અનુસૂચિત જતી માટે અનંત નથી. આ સીટ પર બીજા ક્રમે મુસ્લિમ મતદારો છે લગભગ ૩ લાખ ૮૮ હજાર છે, જ્યારે પોણાત્રણ લાખ જેટલા ઓબીસી મતદારો પણ છે. લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ એ પહેલાંથી જ ભરૂચ લોકસભાની બેઠક સતત ચર્ચામાં રહી છે. આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની કથિતપણે વનવિભાગના કર્મચારીઓને ધમકાવવાના મામલામાં ધરપકડ થઈ હતી.ચૈતર વસાવા જે સમયે જેલમાં હતા ત્યારે જ અરવિંદ કેજરીવાલે ડેડિયાપાડા નજીક નેત્રંગમાં સભા સંબોધીને તેમને ભરૂચ લોકસભા બેઠકથી ઉમેદવાર જાહેર કરી દીધા હતા. ચૈતર વસાવા ૨૦૧૪થી ભારત ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) ના સદસ્ય હતા. ૨૦૨૨ની ચૂંટણી પહેલાં તેઓ બીટીપી છોડીને આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. આમ આદમી પાર્ટીએ તેમની લોકપ્રિયતા જોઈને ડેડિયાપાડાથી ટિકિટ આપી હતી અને તેઓ ૫૬ ટકા મત મેળવીને ભારે સરસાઈથી જીત્યા હતા.તો બીજી તરફ ભાજપે આ બેઠક પરથી તેમના છ વારના સાંસદ મનસુખ વસાવાને ફરીવાર ટિકિટ આપી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના મનસુખ વસાવા અહીંથી ૩.૩૪ લાખ મતોથી વિજયી બન્યા હતા. ભરૂચ લોકસભા બેઠક પરથી કૉંગ્રેસના અહેમદ પટેલ ત્રણ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. પરંતુ ૧૯૮૪થી સતત આ બેઠક પર ભાજપનો કબજો રહ્યો છે. અહેમદ પટેલના પુત્ર અને પુત્રી બંને અહીંથી કૉંગ્રેસ તરફથી ચૂંટણી [redacted]હતાં. તેમણે શરૂઆ[redacted] છે. ૩૬ વર્ષીય ચૈતર વસાવા આદિવાસી સમાજમાં અતિશય લોકપ્રિય મનાય છે. જોકે, રાજકીય વિશ્લેષકોના મતે તેમની જીતનો આધાર મુસ્લિમ મતો અને કૉંગ્રેસના નેતાઓના સમર્થન પર રહેલો છે. ડેડિયાપાડા સિવાયની વિધાનસભાઓમાં તેમને કેટલું જનસમર્થન મળે છે તેના પર પણ તેમની જીત નક્કી થશે. કૉંગ્રેસના નારાજ નેતાઓને ચૈતર વસાવાએ મનાવી લીધા હોવાનો દાવો પણ આમ આદમી પાર્ટી કર્યો હતો.આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહ, સુનીતા કેજરીવાલ અને ભગવંત માન પણ તેમના માટે ચૂંટણીપ્રચાર કર્યો હતો. ભાજપના સાંસદ મનસુખ વસાવાની છબી પણ લડાયક રહી છે. તેઓ વારંવાર સરકારી અધિકારીઓને ધમકાવતાં જોવા મળે છે. મનસુખ વસાવાને આશા છે કે કેન્દ્ર સરકારની યોજનાઓનો ફાયદો પણ તેમને મળશે.રાજકીય વિશ્લેષકોના મતે ભરૂચ અને અંકલેશ્વરના શહેરી મતદારોમાં ભાજપનું હજુ પણ પ્રભુત્ત્વ છે. એ સિવાય આદિવાસી મતદારોને ચૈતર વસાવા તરફ જતાં મનસુખ વસાવા કેટલા પ્રમાણમાં રોકી શકે છે તેના પર ભાજપની જીતનો આધાર છે.

**બનાસકાંઠા :**

**ગુજરાતમાં પ્રથમ વખત બનાસકાંઠા જિલ્લામાં લોકસભા ચૂંટણીમાં મહિલા સામે મહિલા ઉમેદવારની ટક્કર છે.**

ભારત પાકિસ્તાનની બોર્ડર અને રાજસ્થાનને અડીને આવેલો બનાસકાંઠા જિલ્લો ગુજરાત રાજ્યની ઉત્તર-પૂર્વે આવેલો છે. માઉન્ટ આબુ અને અરવલ્લીની ગિરિમાળાની ખીણોમાંથી પસાર થતી બનાસ નદીના નામ પરથી આ જિલ્લાનું નામ રાખવામાં આવેલું છે. આ જિલ્લાનો વિસ્તાર ૧૨૭૦૩ ચોરસ કિમી છે. તેની ભૌગોલિક પરિસ્થિતિ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે, જેમાં સરહદી વિસ્તાર, શહેરી વિસ્તાર અને આદિવાસી વિસ્તારનો સમાવેશ થાય છે.

બનાસકાંઠા લોકસભા મત વિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા ૧૯,૫૩,૨૮૭ છે. જેમાં ૧૦,૧૦,૧૫૨ પુરુષ મતદાર, મહિલા મતદાર ૯,૪૩,૧૧૮ તથા ૧૭ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદીમાં જ બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપે શિક્ષિત ઉમેદવાર તરીકે ડો. રેખાબેન ચૌધરીને મેદાને ઉતાર્યા છે. તેમણે M.Sc., M.Phil., Ph.D. (Mathematics) સુધીનો અભ્યાસ કર્યો છે તથા છેલ્લા ૨૦ વર્ષથી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે. ડો. રેખાબેન બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલના પૌત્રી છે. ગલબાભાઈ પટેલનો બનાસકાંઠા જિલ્લામાં શ્વેત ક્રાંતિ લાવવામાં મહત્વનો ફાળો છે. ડો. રેખાબેનના પતિ હિતેશ ચૌધરી ભાજપમાં વિવિધ મહત્વના હોદ્દા પર જવાબદારી નિભાવી રહ્યા છે.

કોંગ્રેસ પક્ષે બનાસકાંઠા લોકસભા બેઠક માટે આ વખતે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને ટિકિટ આપી છે. ગેનીબેને ૠ. છ. સુધીનો અભ્યાસ કર્યો છે. વાવમાં સતત બે ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ રહેલા ગેનીબેને શંકર ચૌધરીને ૨૦૧૭ માં હરાવ્યા હતા. ગેનીબેન વાવ પંથક સહિત સરહદી વિસ્તારમાં પકડ ધરાવે છે. લોક પ્રશ્નોને ખુલીને વાચા આપતા ગેનીબેન ઠાકોર જમીનથી જોડાયેલા નેતા તરીકેની ઓળખ ધરાવે છે. બનાસકાંઠા લોકસભા બેઠક પર પ્રથમવાર મહિલા ઉમેદવારો ચૂંટણીના મેદાને ઉતર્યા છે. અહીં ચૌધરી અને ઠાકોર સમાજના પ્રભુત્વ સાથે અન્ય સમાજની નિર્ણાયક ભૂમિકા રહી છે. જેના કારણે આ બેઠક પર સતત સત્તા પરિવર્તન થયું છે. જોકે આ વખતે બંને સમાજના ઉમેદવાર આમને સામને છે. ત્યારે પોતાના સમાજના સમર્થન સાથે અન્ય સમાજને પણ કયો ઉમેદવાર સાધશે અને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં બાજી મારશે તે જોવું રહ્યું.

**રાજકોટ :**

**રૂપાલા અને ધાનાણીનો જંગ એટલે પણ રસપ્રદ બન્યો છે કે બંને નેતાઓ ભૂતકાળમાં ચૂંટણીમાં સામસામે લડી ચૂક્યા છે**

ગુજરાતની રાજકોટ લોકસભા બેઠક અંગે આજથી ત્રણ મહિના અગાઉ કોઈ પૂછે કે પરિણામ શું હશે તો સૌ કોઈ એ વાત નિશ્ચિત માનતા હતા કે આ બેઠક પર ભાજપનો મોટો વિજય થશે.જોકે, કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાના એક નિવેદને માત્ર રાજકોટ જ નહીં પરંતુ ગુજરાતની છથી આઠ બેઠકોના ચૂંટણીજંગનું ચિત્ર બદલી નાખ્યું હોય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. રૂપાલાના એક નિવેદનને કારણે ગુજરાતનો ક્ષત્રિય-રાજપૂત સમાજ રોષે ભરાયો અને તેમણે પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી કરી.ટિકિટ રદ ન થતાં ક્ષત્રિયોએ રાજકોટના રતનપરમાં મહાસંમેલન યોજીને ભાજપની વિરુદ્ધમાં મતદાન કરવાનું આહ્વાન કર્યું હતું. રાજકોટ સિવાય બારડોલી, આણંદ, જામનગર વગેરે જગ્યાએ હજારોની સંખ્યામાં ક્ષત્રિયોએ એકઠા થઈને ભાજપનો વિરોધ કર્યો છે.રૂપાલાના રાજકોટમાં થઈ રહેલા વિરોધને કારણે કૉંગ્રેસે આમાં તક જોઈ હતી. પહેલાં ચૂંટણી લડવાનો ઇનકાર કરી ચૂકેલા કૉંગ્રેસના મોટા નેતા પરેશ ધાનાણીએ રૂપાલા સામે ચૂંટણીજંગમાં ઝંપલાવ્યું છે.

રૂપાલા અને ધાનાણીનો જંગ એટલે પણ રસપ્રદ બન્યો છે કે બંને નેતાઓ ભૂતકાળમાં ચૂંટણીમાં સામસામે લડી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૨૬ વર્ષીય પરેશ ધાનાણીએ પરશોત્તમ રૂપાલાને પોતાની પહેલી ચૂંટણીમાં જ હરાવીને ઈતિહાસ રચ્યો હતો. રૂપાલા વર્ષ ૨૦૧૬થી કેન્દ્રીય મંત્રીમંડળમાં છે અને અત્યાર સુધી તેઓ રાજ્યસભાના સાંસદ રહ્યા છે. કાઠિયાવાડી લહેકામાં તેમનાં ભાષણોને કારણે તેઓ જાણીતા છે. તેઓ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખથી લઈને ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પણ રહી ચૂક્યા છે.જ્યારે પરેશ ધાનાણી ત્રણ વખત ચૂંટાયેલા ધારાસભ્ય છે. ગુજરાત વિધાનસભામાં તેઓ વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે.

રાજકોટ લોકસભામાં ૧૯૮૯થી સતત ભાજપ જીતતો આવ્યો છે પરંતુ ૨૦૦૯માં કૉંગ્રેસ અહીં જીતી હતી. ૨૦૧૯માં પણ અહીંથી ભાજપનો ૩.૬૮ લાખ મતે વિજય થયો હતો.રાજકોટ બેઠક પર સૌ[redacted]પાટીદાર મતદારો છે અને[redacted] એકજૂથ થઈને પરેશ ધાનાણીને મળે તો ભાજપ માટે રાજકોટ બેઠક ગુમાવવાનો વારો પણ આવી શકે છે. રાજકોટ બેઠક પર એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે અન્ય કોઈ પણ મુદ્દાઓ કરતાં ક્ષત્રિય આંદોલનનો મુદ્દો સૌથી મોટો થઈ ગયો છે.

**સુરેન્દ્રનગર :**

**સુરેન્દ્રનગર લોકસભામાં આ વખતે કૉંગ્રેસ અને ભાજપ બંનેએ નવા ઉમેદવાર ઉતાર્યા**

મોટા ભાગે ગ્રામીણ વિસ્તારો ધરાવતી સુરેન્દ્રનગર લોકસભામાં આ વખતે કૉંગ્રેસ અને ભાજપ બંનેએ નવા ઉમેદવાર ઉતાર્યા છે. આ બેઠક પર પણ જાતીય સમીકરણો અતિશય પ્રભાવી મનાય છે.

ભાજપે અહીંથી ચંદુભાઈ શિહોરાને ઉમેદવાર બનાવ્યા છે જેઓ ચુંવાળિયા કોળી સમુદાયના છે. જ્યારે કૉંગ્રેસે અહીં ઋત્વિક મકવાણાને ટિકિટ આપી છે જેઓ તળપદા કોળી સમુદાયના છે.

સુરેન્દ્રનગરમાં લગભગ ચાર લાખની આસપાસ તળપદા કોળી મતદાતાઓ છે. ચુંવાળિયા કોળીના મતોની સંખ્યા તેમના કરતાં અડધી મનાય છે. અહીં ક્ષત્રિય સમાજના મતદારોની સંખ્યા પણ બે લાખ કરતાં વધુ છે.સુરેન્દ્રનગર લોકસભામાં વારંવાર પક્ષપલટો કરનારા પૂર્વ સાંસદ સોમાભાઈ પટેલ પણ અગત્યનું ફેક્ટર મનાય છે. તેઓ હાલમાં જ ફરીથી ભાજપમાં સામેલ થયા છે.

તેઓ ચાર વખત સાંસદ અને ત્રણ વખત ધારાસભ્ય બન્યા. તેઓ ત્રણ વખત ભાજપની ટિકિટ પર ચૂંટાઈને સંસદમાં પહોંચ્યા અને એક વખત તેઓ કૉંગ્રેસની ટિકિટ પરથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.ભાજપે ચુંવાળિયા કોળી સમુદાયના ચંદુ શિહોરાને ટિકિટ આપતાં તળપદા કોળી સમાજના લોકોએ વિરોધ કર્યો હતો. તળપદા કોળી સમાજના અગ્રણી સોમાભાઈ પટેલે પણ કે ભાજપ પર તળપદા કોળીને અન્યાય કરવાનો આરોપ મૂક્યો હતો.

ભાજપના ઉમેદવારના વિરોધ બાદ કોળી સમાજના બંને ફાંટાઓના લોકો કઈ તરફ મતદાન કરશે તે સ્પષ્ટ નથી. એવામાં ક્ષત્રિય સમાજના મતો જો કૉંગ્રેસ તરફ એકજૂથ પડે તો આ બેઠક પર અપસેટ સર્જાવાની ભીતી છે.સુરેન્દ્રનગર લોકસભામાં ક્યારેક કૉંગ્રેસ તો ક્યારેક ભાજપનો વિજય થતો રહ્યો છે. ૨૦૧૪થી અહીં ભાજપ જીતતો આવ્યો છે. ૨૦૧૯માં અહીં ભાજપનો ૨.૭૭ લાખ મતે વિજય થયો હતો. વડા પ્રધાન મોદીએ તાજેતરમાં જ અહીં ચૂંટણીસભાને સંબોધિત કરી હતી.

**બારડોલી :**

**બારડોલીમાં પ્રભુભાઈ વસાવાને ફરી ત્રીજીવાર ભાજપે રિપીટ [redacted]ંગ્રેસે નવો યુવા ચહેરો [redacted]રસિંહ ચૌધરીને આ બે[redacted]ઉતાર્યો**

[redacted]ઠકના સાંસદ પ્રભુભા[redacted] ફરી ત્રીજીવાર ભાજપે[redacted] છે તો કોંગ્રેસે નવો [redacted]રો સિધ્ધાર્થ અમર[redacted] આ બેઠકથી મેદાને[redacted] છે. સાત વિધાન[redacted]ાવેશ ધરાવતી બારડો[redacted]ભા બેઠકમાં ૨૦,૪[redacted]તદારો નોંધાયા છે, જે[redacted],૧૨૬ પુરુષ મતદાર[redacted]૦,૦૭,૨૬૩ સ્ત્રી મત[redacted]ા છે.

[redacted]ાં ઉમેદવાર સિધ્ધા[redacted] ચૌધરી બીઈ મેકેનિ[redacted]નિયર સાથે એમબી[redacted]યાસ કર્યો છે. તેઓ પૂર્વ સાંસદ રહી ચૂકેલા અમરસિંહ ઝેડ ચૌધરીના પુત્ર છે. અમરસિંહ ઝેડ ચૌધરી જેતે સમયે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા અમરસિંહ ચૌધરીને ૧૯૯૦ના વર્ષમાં વિધાનસભાની ચૂંટણીમાં વ્યારા બેઠકથી હરાવ્યા હતાં. હાલના કોંગ્રેસના ઉમેદવાર સિદ્ધાર્થ ચૌધરીની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ વ્યારા ખેડૂત સહકારી જિન, સુમુલ ડેરી , ગુજરાત ખેત વિકાસ પરિષદ, વ્યારા એપીએમસી જેવી કેટલીય સહકારી સંસ્થા સાથે સંકળાયેલા છે. તેઓ ૨૦૧૮ થી ૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન વ્યારા તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા હતાં અને ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સેવા આપી હતી. તેઓ યુથ કોંગ્રેસ સાથે પણ ઘણા સમયથી સંકળાયેલ છે. હાલ તેઓ ૨૦૨૧થી તાપી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે કાર્ય કરી રહ્યા છે

આમ તો બારડોલી લોકસભા બેઠક કોંગ્રેસનો ગઢ ગણાતી હતી, પરંતુ ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેરમાં ભાજપ આ સીટ કોંગ્રેસ પાસેથી આંચકી લેવામાં સફળ રહી છે. પરંતુ સાંસદ પ્રભુભાઈ વસાવા દ્વારા અમુક મત વિસ્તાર પૂરતો જ લોકસંપર્ક હોવાની ફરિયાદો ઉઠવાની સાથે વર્ષોથી સ્થાનિક પ્રશ્નો વણઉકેલ્યા રહેવાની સાથે સરકાર દ્વારા આ વિસ્તારમાં નિત નવા પ્રોજેક્ટો મૂકીને આદિવાસીઓની જમીન સંપાદન થવાને લઈને વિરોધનો સૂર સમયાંતરે ઉઠતો રહ્યો છે, જેનો વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા ચૂંટણી મુદ્દો બનાવી મેદાને ઉતરી છે. બીજી તરફ સાંસદ પ્રભુ વસાવા દ્વારા પોતાના મતવિસ્તારમાં નબળી કામગીરીને લઈને પણ તેમની સામે અનેક સવાલો ઉભા થતા રહ્યા છે. સાથે આ બેઠક પરથી આપ અને કોંગ્રેસનું ગઠબંધન ભારતીય જનતા પાર્ટીને કેવી વિપરીત અસર કરશે તે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ જ માલૂમ પડશે.

**આણંદ :**

**આણંદ લોકસભા બેઠક પાટીદાર V/S ક્ષત્રિયની જંગ**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે આણંદ લોકસભા બેઠક ઉપર ઉમેદવારનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ભાજપ અને કોંગ્રેસ સહિત અન્ય કુલ ૧૦ ઉમેદવારોએ ૧૮ ઉમેદવારી પત્ર ભર્યા હતા. ભાજપ-કોંગ્રેસના ડમી ઉમેદવારના ફોર્મ રદ થતા આણંદ લોકસભા બેઠક પર હવે કુલ ૭ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે.

હવે આણંદ લોકસભા બેઠકના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. જેમાં આગામી લોકસભા ચૂંટણી માટે કુલ ૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જેમાં ભાજપના મિતેશ પટેલ, કોંગ્રેસના અમિત ચાવડા, ૠ્જીઁ ના સુરેશ પટેલ, ગરીબ કલ્યાણ પાર્ટીના ધીરજકુમાર ક્ષત્રિય, રાઈટ ટુ રીકોલ પાર્ટીના સુનીલકુમાર ભટ્ટ તથા અપક્ષમાંથી કેયુર પટેલ અને આશિષકુમાર ભોઈનો સમાવેશ થાય છે.

આણંદ બેઠક પર ઉમેદવાર તરીકે ભારતીય જનતા પાર્ટીએ મિતેશ પટેલને રીપીટ કર્યા છે. સામે પક્ષે કોંગ્રેસે પૂર્વ પ્રદેશ પ્રમુખ અને આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાને મેદાને ઉતાર્યા છે. એ જોતા આણંદ લોકસભા બેઠક પર આ ચૂંટણીમાં પણ પાટીદાર સામે ક્ષત્રિય ઉમેદવારને મેદાને ઉતાર્યાનું સમીકરણ યથાવત રહ્યું છે.

### સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાન યોજાશે

# ૨૫ લોકસભા અને ૫ વિધાનસભાની પાંચ બેઠક પર આજે મતદાન યોજાશે

## રાજયના ૪૯,૧૪૦ મતદાન મથકો ખાતે મતદાન યોજાશેઃ ગુજરાત રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર ૪,૯૭,૬૮,૬૮૭ મતદારો નોંધાયેલા છે

ગાધીનગર, તા.૬

ગુજરાતની લોકસભાની ૨૫ અને વિધાનસભાની પાંચ બેઠક માટે ગઈકાલે ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા હતા. ૭ મેના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાન યોજાશે. ગુજરાત રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર ૪,૯૭,૬૮,૬૮૭ મતદારો નોંધાયેલા છે, જે મતદાન કરીને લોકસભાના ૨૬૬ અને વિધાનસભાના ૨૫ ઉમેદવારોનું ભાવે નક્કી કરશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

આવતીકાલે રાજયના ૪૯,૧૪૦ મતદાન મથકો ખાતે મતદાન યોજાશે. આ મતદાન પૂર્વે રાજકીય પક્ષો દ્વારા છેલ્લી ઘડીના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. ગત ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં કુલ ૪,૯૪,૪૯,૪૬૯ મતદારો નોંધાયેલા હતા. ત્યારબાદ ૦૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી મતદાર તરીકે નોંધણી માટે મળેલી અરજીઓ પૈકી ૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને અન્યના ૧,૫૩૪ મળી કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોનો સમાવેશ થાય છે.

રાજયમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે.

રાજયમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે, જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે.

રાજ્યમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માં હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૬૬ થઈ છે. જે પૈકી ૨૪૭ પુરુષ ઉમેદવારો, ૧૯ સ્ત્રી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૨૪-સુરત લોકસભા મતવિભાગના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા છે, જ્યારે પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમા આખરી ઉમેદવારની સંખ્યા ૨૪ છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ વર્ગના મતદારોની સહભાગિતા વધે અને વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત પ્રથમ વખત મતદાન કરનાર મતદારો માટે કોલેજમાં મતદાન જાગૃતિના કેમ્પ તથા કેમ્પસ ઍમ્બેસેડર્સની નિમણૂંક, મહિલા મતદાન જાગૃતિ માટે આંગણવાડી ખાતે બેઠક, ઈન્ડસ્ટ્રીઝમાં વોટર અવેરનેસ ફોરમ દ્વારા મતદાર જાગૃતિ અને સવેતન રજા અંગેની બેઠક, જિલ્લા અને રાજ્ય કક્ષાએ મતદાન જાગૃતિ માટે સોશિયલ મીડિયા દ્વારા મતદાન જાગૃતિ માટે ઈન્ફ્લુઅન્સર્સ તેમજ આઈકન્સ સાથે સહભાગિતા, સોસાયટી મિટિંગ્સ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી છે.

આવતીકાલે રાજયની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજાશે જેમાં ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.કુલ ૨૫ સંસદીય મતવિભાગોમાં કુલ પૈકી ૪૯૧૪૦ મતદાન મથક પર મતદાન યોજાશે. ગુજરાત રાજ્યના ચૂંટણી પંચો દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, શહેરી વિસ્તારમાં ૧૭,૨૭૫ ગ્રામીણ વિસ્તારમાં ૩૩,૫૧૩ કુલ ૫૦,૭૭૮ મતદાન મથકો પર મતદાન યોજાશે. જેમાં ૧૨૨૫ મતદાન મથકો મહિલા સંચાલિત છે, ૧૭૫ મોડલ મતદાન મથક કોષો અને ૨૪,૮૯૩ મતદાન મથકો પરથી વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

### ઉનાળાની ગરમી વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે

# મતદારો માટે ઓઆરએસથી લઈને મેડીકલ ઓફિસરની ટીમો સજ્જ

## દરેક મતદાન મથકોમાં ગરમીને લઈ અગવડતા ના રહે એ માટે જરુરી તમામ સુવિધાઓ સજ્જ કરવામાં આવી છે

સાબરકાંઠા, તા.૬

ઉનાળાની ગરમી વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. પરંતુ મતદારોએ મતદાન કરવા માટે ગરમીની પરવા કરવાની જરુરી નથી. ચૂંટણી તંત્ર દ્વારા ગરમીને લઈ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. દરેક મતદાન મથકોમાં ગરમીને લઈ અગવડતા ના રહે એ માટે જરુરી તમામ સુવિધાઓ સજ્જ કરવામાં આવી છે.ગરમી વચ્ચે લોકસભાની ચૂંટણીનું મતદાન મંગળવારે થનારુ છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર મતદારો માટે ગરમીને લઈ કોઈ જ પરવા કરવાની જરુર ના રહે એ માટે તંત્રએ સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

મતદારોને ગરમીમાં કોઈ અગવડતા ના સર્જાય એ માટે થઈને જરુરી તમામ સવલતો સજ્જ કરવા સાથે આકસ્મિક અસરને પહોંચી વળવા માટે પણ તૈયારીઓ કરવામાં આવી છે. ગરમીમાં પોલીંગ સ્ટાફ અને મતદારો માટે ઓઆરએસથી લઈને મેડીકલ ઓફિસરની ટીમો પણ સજ્જ કરવામાં આવી છે.

તો વળી ૬૫થી વધારે એમ્બ્યુલન્સ તૈનાત રાખવામાં આવી છે. આ સાથે જ દરેક મતદાન કેન્દ્ર પર આશા વર્કર ઓઆરએસ સાથે મતદારોની સેવા માટે તૈયાર રાખવામાં આવી છે. તો વળી મતદાન મથકોમાં જ્યાં શેડના હોય ત્યાં, મંડપ વડે છાંયડાની સગવડ કરવામાં આવી છે. તો વળી ઝડપથી મતદાર મતદાન કરીને પરત ફરી શકે એ માટેની વ્યવસ્થા પણ તૈયાર કરવામાં આવી છે.

### રાજ્યમાં ૭ મેથી વરસાદની અપેક્ષા

# ઉત્તરાખંડના ધગધગતા જંગલોને હવે ઈન્દ્રદેવ પાસેથી આશા

## ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે, જેના કારણે લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે

નવી દિલ્હી, તા.૬

ઉત્તરાખંડના દેહરાદૂનમાં જંગલમાં આગ હજુ પણ પ્રસરી રહી છે. હવે રાજ્યને ઈન્દ્રદેવથી થોડી રાહત મળવાની આશા છે. દેહરાદૂનમાં હવામાન કેન્દ્રના નિર્દેશક બિક્રમ સિંહે કહ્યું કે રાજ્યમાં ૭-૮ મે સુધી વરસાદની સંભાવના છે, જે ૧૧ મેથી વધશે. આનાથી જંગલની આગ ઓલવવામાં મદદ મળી શકે છે. બિક્રમ સિંહે કહ્યું કે કુમાઉ ક્ષેત્રમાં ૭ મેથી અને ગઢવાલ ક્ષેત્રમાં ૮ મેથી વરસાદ શરૂ થશે.મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ મુખ્ય સચિવ રાધા રાતુરીને તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એક સપ્તાહની નોટિસ આપવા અને જંગલમાં લાગેલી આગ પર નિયમિત દેખરેખ રાખવા માટે સૂચનાઓ આપવા જણાવ્યું હતું. પૌરી તહસીલના થાપલી ગામની રહેવાસી ૬૫ વર્ષીય સાવિત્રી દેવીએ શનિવારે જોયું કે જંગલની આગ તેના ખેતર સુધી પહોંચી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે તે ખેતરમાં રાખેલા ઘાસના બંડલ લેવા ગઈ હતી, પરંતુ આગમાં ફસાઈ ગઈ અને બળી ગઈ.તેમને એઈમ્સ ઋષિકેશમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં રવિવારે વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પિથોરાગઢ જિલ્લાના ગંગોલીહાટ ફોરેસ્ટ રેન્જમાં આગ લગાડવા બદલ પીયૂષ સિંહ, આયુષ સિંહ, રાહુલ સિંહ અને અંકિત નામના ચાર લોકો વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા જારી કરાયેલા દૈનિક બુલેટિનમાં જણાવાયું છે કે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના જંગલોમાં આગ લાગવાની ૨૪ ઘટનાઓ નોંધાઈ છે, જેના કારણે ૨૩.૭૫ હેક્ટર જંગલને અસર થઈ છે.આ દરમિયાન સીએમ ધામીએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી એક સપ્તાહ માટે તમામ પ્રકારના ઘાસચારાને બાળવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત શહેરી સંસ્થાઓને પણ જંગલોમાં અથવા તેની આસપાસનો ઘન કચરો બાળવા પર પ્રતિબંધ મૂકવા માટે કહેવામાં આવ્યું છે. ધામીએ શનિવારે રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ઘટનાઓ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.તેમણે અધિકારીઓને પોતાની વચ્ચે સંકલન સાધવા અને એવી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું કે જેથી જંગલની આગને વહેલી તકે કાબૂમાં લઈ શકાય. ઉત્તરાખંડના લોકોને સહકારની અપીલ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, 'વન સંપત્તિ આપણો વારસો છે, જેનું આપણે દરેક કિંમતે રક્ષણ કરવું પડશે.' ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે અને લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે.

### કલેક્ટરે નાગરિકોને અવશ્ય મતદાન કરવા અપીલ કરી

# જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજવા જિલ્લા વહીવટી તંત્ર સુસજ્જ

### જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. અને સંયુક્ત પોલીસ કમિશનર અજય ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

અમદાવાદ, તા.૬

રાજ્યમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૫૪૫૯ મતદાન મથકો પર આવતીકાલે મતદાન યોજાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. અને સંયુક્ત પોલીસ કમિશનર અજય ચૌધરીએ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રની તૈયારીઓની વિગતો પ્રેસ કૉન્ફરન્સના માધ્યમથી રજૂ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ જિલ્લાના સૌ નાગરિકોને સહપરિવાર અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ વિગતો પૂરી પાડતા જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ ૬૦,૭૪,૦૦૫ મતદારો આવતીકાલે મતદાન કરશે. જિલ્લામાં ૩૧,૫૧,૩૧૨ પુરુષ મતદારો અને ૨૯,૨૨,૪૪૯ સ્ત્રી મતદારો તથા ૨૪૪ અન્ય મતદારો મતદાન કરશે.જિલ્લામાં ૧૪૭ સખી સંચાલિત, ૨૧ દિવ્યાંગ સંચાલિત તથા ૨૧ આદર્શ મતદાન મથકો પણ ઊભા કરવામાં આવ્યા છે. મતદાન મથકો પર પાણી, મેડિકલ કિટ, રેમ્પ, ટોઈલેટ, સાયનેજીસ, હાઈજીન કિટ, વેલ્ફેર કિટ સહિતની એસ્યોર્ડ મિનિમમ ફેસીલીટી (AMF) ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, અ.મ્યુ.કો. દ્વારા જે મતદારો ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ, વોટર ઈન્ફોર્મેશન સ્લીપની ઝેરોક્ષ કે મતદાન બાદ આંગળી ઉપર સહીની નિશાની બતાવશે તેમને એએમટીએસ(છસ્ૂજી) બસોમાં ફ્રી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, છસ્ઝ્ર અને ઔડાના તમામ પેઈડ પાર્કિંગ પર મતદાનના દિવસ પૂરતી ફ્રી પાર્કિંગની સુવિધા પૂરી પાડવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક સ્થળ પર કુલ ૨૪૩૮ વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મતદારો કોઈ પણ પ્રકારની મદદ અથવા ફરિયાદ માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકે છે. શ્રમયોગી કર્મચારીઓ તેમનો મતાધિકાર ભોગવી શકે તે માટે તેમને સવેતન રજા આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે અને આ માટે હેલ્પલાઈન નંબર ૦૭૯૨૫૫૦૨૮૪૨ પણ જાહેર કરવામાં આવ્યો છે. આ સાથે જ તેમણે મતદાન માટે EPIC(એપિક) કાર્ડ સિવાય મતદાન માટે માન્ય અન્ય બાર પુરાવાઓની વિગતો પણ પૂરી પાડી હતી. સંયુક્ત પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરીએ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે કાયદો અને વ્યવસ્થાની વિગતો પૂરી પડી હતી. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા દળોની તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે. જિલ્લામાં અલગ અલગ કક્ષાના કુલ ૧૧,૬૬૧ પોલીસ કર્મચારીઓ ફરજરત રહેશે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રેસ કૉન્ફરન્સમાં ટર્નઆઉટ ઈમ્પ્લીમેન્ટેશન પ્લાન(TIP)ના નોડલ ઓફિસર અને ડે. મ્યુનિ. કમિશનર શ્રી સી.એમ. ત્રિવેદી, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા તથા ઉપસ્થિત રહ્યા હતા.

### અમિત શાહ અને આનંદીબેન પટેલ મતદાન કરશે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં મતદાન કરશે

### પીએમ મોદી રાણીપની નિશાંત સ્કૂલમાં મતદાન કરવાના છે સઘન પોલીસ બંદોબસ્ત પણ ખડકી દેવામાં આવ્યો

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ત્યારે મતદાન અંગેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો.દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં મતદાન કરવા માટે આવી રહ્યા છે. તેમના ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ગુજરાત આવી જશે. પીએમ મોદી રાણીપની નિશાંત સ્કૂલમાં મતદાન કરવાના છે. તે પહેલા ત્યાં આજે સઘન પોલીસ બંદોબસ્ત પણ ખડકી દેવામાં આવ્યો છે. પીએમ મોદી નિશાંત સ્કૂલમાં મતદાન કરવાના છે. જેથી ત્યાં આજે SPG અને રાણીપ પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે અધિકારીઓએ શાળામાં ચેકિંગ અને નિરીક્ષણ કર્યુ છે. આ સાથે રાણીપના મતદાન બુથ પર બેરીકેટ લગાવી દેવામાં આવ્યા છે અને પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.હાલ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, પીએમ મોદી સાતમી તારીખે સવારે ૭.૩૦ કલાકની આસપાસ મતદાન કરી શકે છે.આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શિલજ ગામમાં મતદાન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નારણપુરામાં મતદાન કરશે. માનવામાં આવી રહ્યુ છે કે, પીએમ મોદી સવારે મતદાન કરી ગુજરાત સહિત ત્રીજા તબક્કામાં આવનારા રાજ્યોના મતદારોને લોકશાહીના પર્વમાં મતાધિકારનો ઉત્સવ મનાવવા અપીલ કરી સીધા પોતાના નિર્ધારિત પ્રચાર પ્રવાસ માટે નિકળી જશે. પીએમ મોદીની જેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ સવારે ૧૦ વાગે નારણપુરા અંકુર ખાતે આવેલી મ્યુનિસિપલ કચેરી ખાતે મતદાન કરી શકે છે. નોંધનીય છે કે, સાતમી મેના ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ગુજરાતની ૨૫ લોકસભાની બેઠકો અને પાંચ વિધાનસભાની બેઠકો પર મતદાન થવાનું છે. ગુજરાતની પાછળની ચૂંટણીઓ પર નજર નાંખીએ તો ગત લોકસભાની બે ચૂંટણીઓમાં ગુજરાતીઓએ ભાજપ પર કળશ ઢોળ્યો હતો. ત્યારે જો આ વખતે ભાજપ જીત મેળવી લે છે તો ગુજરાતમાં તેની હેટ્રિક થઈ જશે. વર્ષ ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ૨૬માંથી ૧૨ બેઠકો મેળવી હતી. જોકે, નરેન્દ્ર મોદીના નામ પર ચલાવાયેલા આક્રમક અભિયાનમાં ૨૦૧૪માં ગુજરાતમાંથી કોંગ્રેસે એકપણ બેઠક જીતી ન હતી. જ્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ગુજરાતની પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો હતો. તો એની સામે ૨૦૧૯ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને ફટકો આપ્યો હતો. ચૂંટણીમાં ભાજપ ૯૯ બેઠકો પર આવી ગઈ હતી. ત્યારે જોવાનું એ રહ્યુ કે આ વખતે ગુજરાતની જનતાનો મૂડ શું બતાવે છે.

### રૂપાલા સામે ક્ષત્રિયોના વિરોધ વચ્ચે ભાજપે ભર્યું પગલું

# ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી

### ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ ક્ષત્રિય નેતાઓએ પુરષોત્તમ રૂપાલા દ્વારા કરાયેલા નિવેદન પર દુઃખ વ્યક્ત કર્યું હતું

રાજકોટ, તા.૬

ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭ મેના રોજ મતદાન છે. મતદાન પહેલા ભાજપે રાજપૂત સમુદાયને મનાવવા માટે એક છેલ્લી ચાલ કરી હતી. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ નિવેદનો આપી સમાજને ભાજપને મત આપવા અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનથી નારાજ ક્ષત્રિય મતદારોને મનાવવા માટે ભાજપે મોટી અને આખરી પગલું ભર્યું છે. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ રાજપૂત સમાજને રવિવારે લોકસભા ચૂંટણી પ્રચારના અંત પહેલા રાષ્ટ્રીય હિતમાં ભાજપને મત આપવા અપીલ કરી છે. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭મી મેના રોજ મતદાન થવાનું છે.

મળતાં અહેવાલ મુજબ ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ ક્ષત્રિય નેતાઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે.જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, માંધાતાસિંહ જાડેજા, કેસરી દેવસિંહ ઝાલા, બળવંતસિંહ રાજપૂત, જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા, કિરીટસિંહ રાણા, ધર્મેન્દ્રસિંહ સિંહ જાડેજા, સી.કે. રાઉલજી, અરુણસિંહ રાણા, વિરેન્દ્રસિંહ જાડેજા અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ એક નિવેદન જારી કરીને તેમના સમુદાયને ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી હતી. ત્યારે ઉપરોક્ત નેતાઓએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, "પુરષોત્તમ રૂપાલાએ તેમના નિવેદન પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ક્ષત્રિય સમાજની ઘણી વખત માફી માંગી છે." રૂપાલાએ વારંવાર માફી માગી ત્યારે ક્ષત્રિય સમાજે 'ક્ષમા વીરસ્ય ભૂષણમ'ના નારા લગાવીને ત્યાગ અને બલિદાનની ભવ્ય પરંપરા દર્શાવીને રાષ્ટ્રહિતમાં ઉદારતા દાખવવી જોઈએ.ભાજપ ગુજરાતના ક્ષત્રિય આગેવાનોએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી શક્તિ બનવા જઈ રહ્યું છે. આ સંદર્ભમાં દેશ અને સનાતન ધર્મની રક્ષા કરવી એ આપણી ફરજ છે. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને ગૌરવ અપાવી રહ્યા છે, ત્યારે તેમની સાથે સહકાર આપવો અને આ લોકશાહી પ્રક્રિયાનો ભાગ બનવું એ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે. ભાજપના નેતાઓએ કહ્યું કે, તેઓ પણ રૂપાલાના નિવેદનથી દુખી અને આઘાતમાં છે. જોકે, તેમણે કહ્યું કે, દેશ અને રાજ્યના વિકાસમાં ક્ષત્રિય સમાજનો ફાળો છે.

### બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે અલાયદી વ્યવસ્થા

# નર્મદા નદીના ટાપુ પર બનશે સૌથી અલાયદું મતદાન મથક

### આલીયાબેટ નર્મદા નદી અને ખંભાતના અખાત વચ્ચે આવેલો બેટ છે જ્યાં પાણી, રસ્તા, વીજળી અને એકપણ પાકું મકાન નથી

ભરૂચ, તા.૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભરૂચ જિલ્લાનું આલીયાબેટ સ્થિત પોલિંગ બૂથ આખા દેશના તમામ મતદાન મથકથી અલગ પડે છે. આલીયાબેટ નર્મદા નદી અને ખંભાતના અખાત વચ્ચે આવેલો વિશાલ બેટ છે જ્યાં પીવાનું પાણી, રસ્તા , વીજળી અને એકપણ પાકું મકાન નથી. બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે ચૂંટણી પંચે અલાયદી વ્યવસ્થા ઉભી કરી છે. બેટ પર કન્ટેનર મુકવામાં આવ્યું છે જેમાં મતદાન થશે. આ અગાઉ અહીંના મતદાન મતદાન કરવા ૮૨ કિલોમીટરનું અંતર કાપીને મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક પહોંચતા હતા.ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની મહેસુલી હદમાં આવેલા અને અંતરિયાળ તેમજ ચોતરફ પાણીથી ઘેરાયેલા આલિયા બેટના ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૫૪ મતદારો માટે ચૂંટણી વિભાગ દ્વારા શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરાયું છે. ખભાતના અખાત અને નર્મદા મૈયાના સંગમ સ્થાને આવેલા આલિયા બેટના મતદારો માટે આ વિશેષ વ્યવસ્થા ઉભી કરાઈ છે. દેશમાં વર્ષ ૧૯૫૧-૫૨માં દેશભરમાં યોજાયેલી પ્રથમ ચૂંટણી અને ત્યાર બાદ વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સુધી ૭૦ વર્ષ એટલેકે ૭ દાયકા સુધી યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય, લોકસભા-વિધાનસભા ચૂંટણીઓમાં અહીંના મતદારો નાવડીમાં સવાર થઈને જળમાર્ગે ૧૫ કિમી અથવા આલિયાબેટથી જમીન માર્ગે ૮૨ કિલોમીટર દૂર આવેલા કલાદરા ગામમાં મતદાન કરવા જતાં હતાં.

ભરૂચ જિલ્લાના અંતરિયાળ આલિયાબેટના ભૌગોલિક સ્થાનના કારણે રાજ્ય કે કેન્દ્ર સરકારની સરકારી બિલ્ડીંગ અહીં ઉપલબ્ધ ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન કરવા માટે હંગામી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અહીં મતદારો સામૂહિક મતદાન કરી લોકશાહીની ફરજ બજાવવા ઉત્સુક છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ કન્ટેનરને પ્રાથમિક સ્કુલમાં તબદીલ કરી દેવામાં આવશે જેમાં હાલ બેટના ૫૦ બાળકોને શિક્ષણ આપવામાં આવશે.અહીં એ વાતનો ઉલ્લેખ કરવો રહ્યો કે બેટ પાર વીજળી નથી ત્યારે ઉપકરણોને ચલાવવા સોલર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વિજળીથી કન્ટેનરના ટ્યુબલાઈટ અને પંખા ચલાવવામાં આવે છે.કચ્છથી ૩૫૦ વર્ષ પહેલાં જત જાતિના લોકો પશુધન સાથે આલિયાબેટ આવી વસ્યા હતા. જેઓ પાયાની સુવિધાઓ વગર અહીં જીવે છે અને પશુપાલનના વ્યવસાય પર નભે છે.

### અરવિંદ કેજરીવાલની મુશ્કેલીમાં થશે વધારો

# દિલ્હીના LGએ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી

### એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં NIA તપાસની ભલામણ કરી

નવી દિલ્હી, તા.૬

હવે NIA દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ તેની પકડ વધુ કડક કરવા જઈ રહી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સકસેનાએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી છે. દિલ્હીના એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં સીએમ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી છે. તેમણે ગૃહ મંત્રાલયને પત્ર લખીને આ માંગણી કરી છે. ગૃહ મંત્રાલયને લખેલા પત્રમાં, તેમણે જણાવ્યું હતું કે આરોપો સીએમ વિરુદ્ધ છે અને ભારતમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તરફથી રાજકીય પક્ષને લાખો ડોલરના કથિત ભંડોળ સાથે સંબંધિત છે, ઈલેક્ટ્રોનિક ઉપકરણ ફરિયાદાની દ્વારા રજુ કરવામાં આવેલ ફોરેન્સિક તપાસ સહિત અન્ય તપાસની પણ જરુર છે. એલજીને દેવેન્દ્ર પાલ ભુલ્લરની મુક્તિ અને ખાલિસ્તાની તરફી ભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે ખાલિસ્તાની જૂથ શીખ્સ ફોર જસ્ટિસ પાસેથી યુએસ ૧૬ મિલિયન ડોલર મેળવવા બદલ AAP વિરુદ્ધ ફરિયાદ મળી હતી. વીકે સકસેનાએ જાન્યુઆરી ૨૦૧૪માં ગૃહ મંત્રાલયમાં કેજરીવાલ દ્વારા ઈકબાલ સિંહને લખેલા એક પત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે "આપ સરકારે પહેલાથી જ રાષ્ટ્રપતિને પ્રોફેસર ભુલ્લરને મુક્ત કરવાની ભલામણ કરી છે અને એસઆઈટીની રચના સહિત અન્ય મુદ્દાઓ પર સહાનુભુતી પુર્વક અને સમયબદ્ધ રીતે. કામ કરશે. આ ફરિયાદ વર્લ્ડ હિન્દુ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય મહાસચિવ આશુ મોંગિયા અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાર્યકર મુનીશ કુમાર રાયજાદાએ કરી હતી. દેવિન્દર પાલ સિંહ ભુલ્લર ૧૯૯૩ના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં દોષી છે. ભુલ્લરને દિલ્હીમાં યુથ કોંગ્રેસના મુખ્યાલયની બહાર થયેલા વિસ્ફોટમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો જેમાં નવ લોકો માર્યા ગયા હતા અને ૩૧ અન્ય ઘાયલ થયા હતા. જર્મનીથી દેશનિકાલ કર્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

### કોંગ્રેસના મતોમાં એએપી ભાગલા નહીં પડાવે તેથી સ્થિતિ બદલાશે

# ગુજરાતની સાત બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

### રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે : કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે

રાજકોટ, તા.૬

લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. ગણતરીના કલાકોમાં મતદાન થનાર છે ત્યારે સવાલ એ છેકે, આ વખતની ચૂંટણીમાં કયો મુદ્દો ચાલશે? તો એનો સીધો સીધો જવાબ છે

રાજકારણમાં સમાજકારણ. જીહાં, ચૂંટણી નજીક આવતા રાજનેતાઓને આખરે તો સમાજની જરૂર પડી. એટલે જ વિવિધ પક્ષના નેતાઓ ધાર્મિક કાર્યક્રમોનું બહાનું કાઢીને સંતો-મહંતોને બોલાવીને સમાજની સામે મોટા ભા થવાનો અને પોતાના પક્ષમાં લોકો મતદાન કરે તેવી અપીલો કરતા નજરે પડે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છની કુલ ૮ લોકસભા બેઠક માટે તા.૭ને મંગળવારે મતદાન થશે. ચૂંટણીમાં ઉમેદવારની જ્ઞાતિ નેતાઓ માટે અને ટિકિટ આપતી વખતે મોવડી મંડળ માટે મહત્વની રહી છે અને તે જાણતા અજાણતા ચોક્કસ બેઠક પર ચોક્કસ જ્ઞાતિના ઉમેદવારો મેદાનમાં ઉતારાતા રહ્યા છે ત્યારે આ વખતે ઉમેદવારના પક્ષ, ઈમેજ વગેરે સાથે જો જ્ઞાતિનું પરિબળ અસરકારક બની શકે તો તે ખાસ કરીને રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર એ ચાર બેઠક પર તેની સંભાવના જણાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છની આ ચૂંટણીની વિશેષતા એ છે કે આ વખતે કોંગ્રેસના મતમાં આમ આદમી પાર્ટી ભાગલા પડાવશે નહીં. બન્ને વચ્ચે ગઠબંધન થયું છે. જે અન્વયે એકમાત્ર ભાવનગર બેઠક ઉપર ભાજપ સામે આમ પાર્ટીના ઉમેદવાર છે અને બન્ને કોળી જ્ઞાતિના છે. બાકીની તમામ સીટ ઉપર આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. ઉલ્લેખનીય છે કે ગત ધારાસભા ચૂંટણીમાં રાજકોટ સંસદીય બેઠકની ૭ લોકસભા સીટ પૈકી ૪ ઉપર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંયુક્ત મતો ભાજપના કરતા વધારે હતા પરંતુ, મતોના વિભાજનથી ભાજપને તમામ બેઠકો પર જીત મળી હતી. રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે જ્યારે સામે કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે. જ્યારે જામનગરમાં ભાજપના ઉમેદવાર જે સતત ત્રીજી વખત ચૂંટણી લડે છે તે પુનમબેન માડમ આહિર જ્ઞાતિના અને સામે કોંગ્રેસના આ વખતે ઉમેદવાર જે.પી.મારવિયા લેઉઆ પાટીદાર સમાજના છે અને તે કારણે તેને ખોડલધામના ચેરમેને કોંગ્રેસનો આભાર માન્યો હતો.

જુનાગઢમાં ભાજપના ઉમેદવાર કોળી જ્ઞાતિમાંથી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવાર આહિર જ્ઞાતિના છે. સુરેન્દ્રનગર બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ચુંવાળીયા કોળી જ્ઞાતિના છે અને તે મુદ્દે શરુઆતમાં તળપદાં જ્ઞાતિને અન્યાય થયાની વાત કરાઈ હતી. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર તળપદા કોળી સમાજમાંથી આવે છે. ઉલ્લેખનીય છે કે ખુદ ભાજપના પ્રચારનો કાર્યક્રમ જાહેર થતો તેમાં વિવિધ જ્ઞાતિ સમાજના સંમેલનોમાં હાજરી આપશે તેવા કાર્યક્રમો જ મુખ્ય હતા. ઉપરાંત વિવિધ સમાજોના આસ્થા કેન્દ્રોએ દર્શન કરવાનું પણ દરેક પક્ષના ઉમેદવારો ચૂંકતા નથી. પરંતુ, બીજી તરફ એ પણ હકીકત છે કે રાજકોટમાં એક સમયે મીનુ મસાણી જેવા પારસી અને ઉછરંગરાય ઢેબર જેવા નાગર બ્રાહ્મણ પણ સાંસદ તરીકે ચૂંટાયા છે.

### હર્ષ ગોએન્કાએ કરેલી ટ્વીટ પર લોકોની પ્રતિક્રિયા

# "હર્ષદ મહેતા, કેતન પારેખનો જમાનો પાછો આવ્યો છે"

### ગુજરાતી અને મારવાડી મહેનતુ વેપારી સમુદાયો છે

અમદાવાદ, તા.૬

RPG એન્ટરપ્રાઈઝિસના ચેરપર્સન હર્ષ ગોએન્કાએ તાજેતરમાં તેજીવાળા શેરબજાર અને તેની અસરો વિશે તેમના વિચારો શેર કર્યા હતા. તેમના ટ્વીટમાં તેમણે ઉલ્લેખ કર્યો કે કેવી રીતે "હર્ષદ મહેતા, કેતન પારેખનો યુગ મુખ્યત્વે કોલકાતામાં પાછો આવ્યો છે." તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, ‘‘પ્રમોટરો નફામાં વધારો કરી રહ્યા છે (નફાની એન્ટ્રી દ્વારા) અને ગુજરાતી-મારવાડી દલાલો સાથે સાંઠગાંઠ કરીને તેમના શેરના ભાવને અવાસ્તવિક સ્તરે લઈ જાય છે.

નાના રોકાણકારોને ગંભીર નુકસાન થાય તે પહેલાં @SEBI_India @ FinMinIndia માટે પગલાં લેવા અને તપાસ કરવાનો આ સમય છે.’’ તેની ટ્વીટ વાયરલ થયા બાદ તરત જ અસંખ્ય લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી હતી. હર્ષ ગોએન્કાએ તેજીવાળા શેરબજાર પર તેમના વિચારો શેર કર્યા અને પછીથી એક વ્યક્તિ દ્વારા તેની ટીકા થઈ. તાજેતરમાં, એક ઠ વપરાશકર્તાએ પણ ગોએન્કાની પોસ્ટ પર તેના વિચારો ફરીથી શેર કર્યા. તેણે લખ્યું, "શ્રીહર્ષ ગોએન્કા, ભૂતકાળમાં, તમારી ઉશ્કેરણીજનક પોસ્ટ્સ અને અરુચિકર કાર્ટૂન માટે, ઈન્ટરનેટ દ્વારા તમારી નિંદા કરવામાં આવી હતી. જ્યારે તમે અપમાનિત અને ડાઉનગ્રેડ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. હવે, હું ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. અને ગુજરાતી અને મારવાડીની સાંઠગાંઠ પર આ પાયાવિહોણી ટિપ્પણીથી ડરવું, તમારે તમારી અવિચારી ટિપ્પણી કરવાની આદત પર કામ કરવાની જરૂર છે." એક વ્યક્તિએ લખ્યું, "કોઈપણ કારણ કે પુરાવા વગર મારવાડીઓ અને ગુજરાતીઓને કેમ દોષ આપો? મને લાગે છે કે આ બે સૌથી વધુ મહેનતુ અને જાણકાર વેપારી સમુદાયો છે. તેઓ શેરબજાર વિશે ખૂબ સારી જાણકારી ધરાવે છે અને પરંપરાગત રીતે બજારમાં રોકાણ કરે છે."બીજાએ પોસ્ટ કર્યું, "સાહિત્યચોરીમાં સંડોવાયેલો, વારસા અને લાયસન્સ રાજના અવશેષ માટે વિશ્વસનીય કંઈ કર્યું નથી. તેને સામેલ કરવું એ સમયનો વ્યય છે."

"હર્ષ ગોએન્કા બિલકુલ સાચા છે. અને હું તેમને સલામ કરું છું. મારવાડી હોવાને કારણે તેમનામાં સત્ય બોલવાની હિંમત છે," ત્રીજાએ કહ્યું.

### સોનિયા ગાંધી , પ્રિયંકા, રાહુલ કોંગ્રેસને વોટ નહી આપી શકે

# દિલ્હીમાં ૨૫ મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાશે

### કોંગ્રેસે આ ચૂંટણી INDIA ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો હતો

નવી દિલ્હી, તા.૬

દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કામાં ૨૪ મે ના દિવસે મતદાન થવાનું છે. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે.

સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે અને અત્યાર સુધી કોંગ્રેસ અહીં સાત વખત ચૂંટણી જીતી ચુકી છે. કોંગ્રેસ નેતા અજય માકન ૨૦૦૪ અને ૨૦૦૯માં અહીંથી ચૂંટાયા હતા. આ પછી ભાજપ નેતા મીનાક્ષી લેખીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં અહીં ચૂંટણી જીતી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો દિલ્હીમાંથી સફાયો થઈ ગયો છે. આ વખતે પાર્ટીએ આપ સાથે ગઠબંધન કર્યું છે. સાત બેઠકોમાંથી આપને ૪ અને કોંગ્રેસને ત્રણ બેઠકો મળી છે.

### સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી

# અમેઠીમાં કોંગ્રેસ કાર્યાલય પર ભાજપે હુમલો કરાવ્યો હોવાનો દાવો

અમેઠી, તા.૬

ઉત્તરપ્રદેશના અમેઠીમાં રવિવારે મોડીરાતે કોંગ્રેસ કાર્યાલયમાં હુમલો કરવામાં આવ્યો હતો. અજાણ્યા શખ્સો દ્વારા કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ક કરવામાં આવેલા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. પોલીસે આ ઘટનાની માહિતી મળ્યા પછી સ્થળની મુલાકાત લઈ સમગ્ર બનાવની તપાસ હાથ ધરી છે. બીજી તરફ કોંગ્રેસે આ હુમલો બીજેપીના ગુડાઓએ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસે ટ પર એક વીડિયો પણ શેર કર્યો છે. આ વીડિયોમાં કારના કાચને નુકસાન કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કોંગ્રેસે સમગ્ર ઘટના માટે ભાજપને જવાબદાર ઠેરવ્યું છે. પાર્ટીએ કહ્યું છે કે ભાજપને અમેઠીમાં હારી જવાનો ડર હોવાના પગલે આ હુમલો કરવામાં આવ્યો છે. કોંગ્રેસે આ અંગે વધુમાં કહ્યું છે કે કોંગ્રેસના કાર્યાલય પર બીજેપીના ગુડાઓએ જ લાકડીઓ અને લોખંડના ડંડાઓ વડે હુમલો કર્યો છે અને વાહનોને નુકસાન પહોંચાડ્યું છે. આ હુમલામાં કોંગ્રેસના કાર્યકર અને અમેઠીના લોકોને પણ ઈજા પહોંચી છે. આ સિવાય સ્થાનિકોના વાહનોને પણ નુકસાન પહોંચ્યું હતું.

# અમરેલી શહેરમાં ડોર ટુ ડોર પ્રચારનુ કાર્ય કરતા જેની ઠુંમર






અમરેલી–મહુવા–ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને ઈન્ડીયા ગઠબંધનના લોકસભાના શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા અમરેલીમાં વેપારીઓનો ડોરટુડોરસંપર્કકરીઅનેવિજયવિશ્વાસ સાથે વેપારી મહાજનોના આશિર્વાદ લીધા હતા. આ તકે તેમણે વેપારીઓ સાથેની ચર્ચામાં વેપારીઓને મુખ્યત્વે જી.એસ.ટી.નાપ્રશ્નોનીમાહિતીમેળવી હતીત્યારેતેમણેજણાવ્યુહતુકેરાહુલગાંધી અને કોંગ્રેસે વચન આપ્યુ છે કે જી.એસ.ટી.નું સરળી કરણ કરાશે. અમરેલીજિલ્લામાં વેપાર ધંધાઓભાંગી રહ્યાછે.ત્યારેઅહીંનાલોકોરોજગારીની તલાસમાંમહાનગરોતરફજાયછે. ત્યારે અમરેલી શહેર અને જિલ્લાને વિકસીત બનાવવા માટે સૌ પ્રથમ ઉચ્ચ ગુણવતા વાળીશૈક્ષણિકસંસ્થાઓનુંએન્જીન્યરીંગ કોલેજ, મેડીકલ કોલેજ, સૈનિક સ્કુલ, કેન્દ્રીય વિદ્યાલય, નિર્માણ થાય અને બહારના વિદ્યાર્થીઓ અહીયા અભ્યાસ માટેઆવેઅનેઅમરેલીજિલ્લાનુંઅર્થતંત્ર વેગવંતુબને આ ઉપરાંત અમરેલી શહેર અને જિલ્લામાં મોટા મોટી સમસ્યા પાણીની છે અહીંયા મેઈન પાવર છે પણ પાણી ન હોવાના કારણે પુરતા ઉદ્યોગોનો વિકાસ થઈ શકય નથી માટે અમરેલીને ઔદ્યોગિકહેતુ માટે પૂરતું પાણી મળી રહે તે માટે મારી રાજય અને કેન્દ્ર સરકારમાં કાયમી રજુઆતો રહેશે. જેથી કરીને અમરેલીમાં વેપાર ધંધામાં વૃધ્ધી થાય, અમરેલી જિલ્લાનું વડુ મથક છે ત્યારે અહીંયાથી બ્રોડગેજની સુવિધા મળેઅને લાંબા અંતરની પેશેન્જર ટ્રેનો અને યાત્રાધામનેજોડતીટ્રેનોશરૂકરવામાંઆવે તેવા મારાપ્રયત્નો રહેશેતેવીવેપારીઓને ખાત્રી આપી હતી. અમરેલીમાં ડો.જીવરાજ મહેતા યુનિવર્સીટીની સ્થાપના થાય અને અહીંયાના વિદ્યાર્થીઓનેસસ્તુઅનેઉચ્ચગુણવતાનું શિક્ષણમળીશકે.અમરેલીજિલ્લોમુખ્યત્વે ખેતી પર નભતો જિલ્લો છે. ત્યારે ખેડૂતો સમૃધ્ધબનેતેમાટેવિવિધયોજનાઓઅને આધુનિકખેતીદ્વારારોજગારીનીતકોવધે માટે મારા પ્રયત્નો રહેશે. અમરેલીના ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસમાંસૌથીમોટુકોઈ ગ્રહણ હોય તો તે છે ઈકો સેન્સીટીવ ઝોન ત્યારે મારી રાજય અને કેન્દ્ર સરકારને વિનંતી છે કે આ ઈકોસેન્સીટીવ ઝોન મુદે યોગ્ય કાર્યવાહી કરે તો રેતીની લીઝ મળી શહેર અને લોકોને સસ્તી રેતી અને મજુરો, અને કારીગર વર્ગના લોકોને પુરતી રોજગારી મળી શકે અને અમરેલી જિલ્લાનો બાંધકામ ઉદ્યોગ સરળ બની શકે સૌની યોજના મારફત અમરેલી જિલ્લાને વધુમાં વધુ આવરી લેવામાં આવે તેવી મારી રાજય સરકારને વિનંતી છે. સાથે સાતલડી ડેમ યોજના જેના એકવાર ફટાકડા ફુટયા અને ત્રણ વાર મંજુર થઈ છે તેનું નિર્માણ થાય તે માટે જરૂરી લડત ચલાવવા લોકોનો સહકાર આવશ્યક છે. અમરેલીમાં એરપોર્ટ ડોમેસ્ટીક એરલાયન્સની કનેકટીવીટી વધે જેથી લોકોના ધંધા ઉદ્યોગોનો વિકાસ થઈ શકે. અમરેલીમાં વેપાર ધંધા સાથે જોડાયેલા બહેનોનેગૃહઉદ્યોગોઅનેસહકારીધોરણે સરકારનીવિવિધ સહાયો મળે તે માટે મારા પ્રયાસો રહેશે. પશુ પાલન સાથે જોડાયેલા ભાઈ–બહેનોના વિકાસ માટે મારી કટીબધ્ધતા રહેશે. આવનાર સમયમાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર લોકસભા મત વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે મારી પ્રાથમિકતા રહેશે. આ તકે જેનીબેન ઠુમ્મર સાથે ગામના વેપારી મહાજનો, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો,પ્રબુધ્ધ નાગરીકો, અડવોકેટ સહિત બહેનો પણ આ લોકસંપર્ક દોરમાં જોડાયા હતા.

## અવસાન નોંધ



**વીજપડી :** વીજપડીનાં ઈસ્માઈલભાઈ ભુરાભાઈ ખોખરનાં દિકરા કાદરભાઈ ઈસ્માઈલભાઈ ખોખર (ગાંઠિયાવાળા) ખુદાની રહેમતમા પહોંચી ગયેલ છે. મર્હુમ કાદરભાઈની જયારત તારીખ ૭/૫/૨૦૨૪ ને મંગળવારે સવારે દસ કલાકે પુરૂષો જુમ્મા મસ્જિદ અને ઔરતોની તેમના નિવાસસ્થાને મુ. વીજપડી રાખેલ છે. મર્હુમ કાદરભાઈ તેવીજપડીનાંપત્રકારસમીરખોખરનાં મોટા બાપુનાં દિકરા ભાઈ થાય તેમજ ઈમરાનભાઈખોખરતથામહંમદભાઈ કાદભાઈ ખોખર (ગાંઠિયા વાળા) નાં વાલીદ થાય તથા પેઈન્ટર અનવરભાઈ મેહબુબભાઈખોખરનાંમોટાબાપુથાય તેમજ મહંમદભાઈ ઈસ્માઈલભાઈ ખોખરનાં કાકાનાં દિકરા ભાઈ થાય તેમજ અમીનભાઈ રહીમભાઈ ખોખર (ભા.ડી.કો.બેન્ક) તથા સલીમભાઈ બાબુભાઈ ખોખર તથા રફીકભાઈ હબીબભાઈ ખોખર તથા ઈમ્તિયાઝભાઈ બાબુભાઈ ખોખરનાં મોટા બાપુનાં દિકરા ભાઈ થાય છે.

**અમરેલી :** કનુભાઈ પરશુરામભાઈ વ્યાસના ધર્મપત્નિ ઉષાબેન (ઉ.વ. ૭૦) તે હર્ષદભાઈ, પ્રવિણભાઈ, અતુલભાઈ અને વિનુભાઈના ભાભી તથા રાજેશભાઈ અને રવિભાઈના માતાનું તા. ૬ને સોમવારે અવસાન થયું છે. સ્થાનિક અને પિયર પક્ષનું બેસણું તા. ૧૦ને શુક્રવારે સાંજે ૪ થી ૬ સહજ હોલ, ચકકરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. લૌકિક અને ઉત્તરક્રિયા તા. ૧૬/૫ને ગુરૂવારે સહજ હોલ અમરેલી ખાતે રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં વરસડા ચોકડી નજીક

નંબરજી.જે.–૧૪ડબલ્યુ૧૯૪૩માંભેંસ જીવનંગ–૯કોઈપણપ્રકારનાઘાસચારા અને પાણીની સગવડતા વગર, ખીચો–ખીચરીતેબાંધી (ગોંધી) રાખીભેંસ જીવ નંગ–૯ની કિંમત રૂપિયા ૩,૧૫,૦૦૦તેમજ ટ્રકની કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭,૧૫,૦૦૦લઈ અમરેલીના અમરેલી, લાઠીચોકડીપાસેપસારથતાંત્યારેપોલીસે તલાશીલઈ ભેંસટ્રકકબ્જેકરીઅનેભેંસને પાંજરાપોળ, અમરેલી ખાતે મુકવા તજવીજ કરવામાંઆવેલછેઅનેઝડપાયેલ બંન્નેઈસમનેધોરણસર અટક કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અરબી સમુદ્રની વચ્ચે આવેલા

અધિકારીી અને પ્રાંતઅધિકારીના આ સફળ આયોજનના પગલે મારફતે મતદાનપ્રક્રિયા માટે ઈ.વી.એમ. યુનિટ અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવી હતી.

મંગળવારે તા.૦૭મે, ૨૦૨૪ના રોજ શિયાળબેટ પર મતદાન પ્રક્રિયા યોજાશે. શિયાળબેટ પહોંચવા માટે દરિયાઈ માર્ગ એકમાત્ર વિકલ્પ છે ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી ફરજ પરના અધિકારી અને કર્મચારીઓ માટે શિયાળબેટ પહોંચવા ચૂંટણી તંત્ર દ્વારા બે બોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચૂંટણી ફરજ પરના અધિકારીઓ–કર્મચારીઓ સાથે સુરક્ષાકર્મીઓ પણ મતદાનપ્રક્રિયામાં જોડાશે.

શિયાળ બેટમાં મતદાન પ્રક્રિયા માટે ૦૫ ટીમ ફરજ બજાવશે. શિયાળબેટ ખાતે નવી પ્રાથમિક શાળા ખાતે ૫,૦૪૮ મતદારો માટે મતદાનપ્રક્રિયાનો પ્રારંભ થશે. તા. ૫–૧–૨૪ની સ્થિતિએ શિયાળ બેટમાં ૨,૫૮૨ પુરૂષ અને ૨,૪૬૬ મહિલા, ૧૪ પી.ડબલ્યુ.ડી.–દિવ્યાંગો સહિત ૫,૦૪૮ મતદારો છે. ૮૦ ની વય ધરાવતા ૫૪ મતદારો છે. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ની આ મતદાન પ્રક્રિયા માટે ૨૦ પોલીંગ સ્ટાફ, ૦૫ બી.એલ.ઓ. પ્રિસાઈડીંગ અધિકારીશ્રી, ઝોનલ અધિકારી અને સુરક્ષાકર્મીઓ મળી ૪૦ જેટલા ચૂંટણી ફરજ પરના અધિકારી અને કર્મચારીઓ બોટ મારફતે અરબ સાગર ખેડી અનેલોકશાહીના પર્વને મતદારો સુધી લઈ જવા માટે પહોંચી ચૂકયા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી લોકસભા બેઠક માટે

પર રવાના કરી દેવામાં આવેલ છે. આ માટે તંત્ર દ્વારા ઝોનલ રૂટ બનાવવામાં આવ્યા છે. અને એસ.ટી. બસ મારફત કર્મચારીઓને બુથ પર મોકલવાની કામગીરી શરૂ કરી દેવાય છે. મતદાનમાં રોકાયેલા આ કર્મચારીઓ આજે રાત્રી રોકાણ પણ બુથ પર કરશે. અને આવતીકાલ ૭મી તારીખે સવારે ૭ ના ટકોરે મતદાનનો આરંભ કરાવશે.

**એસટી વિભાગની ૧૫૪ બસનો ઉપયોગ કરાશે**

આજે વહિવટી તંત્ર દ્વારા મતદાન મથક પર કર્મચારીઓને પહોંચાડવા અને પરત લાવવા માટે એસ.ટી.ની ૧૫૪ બસનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે ૧૩૬ મોટી બસો અને ૧૮મીની બસ ફાળવાય છે. બુથ પરના કર્મચારીઓને બુથમાં લઈ જવાની જરૂરી વસ્તુ અપાશે.

બુથ પર જનારા કર્મચારીઓને ૨૦૦થી વધારે વસ્તુઓ પૂરી પાડવામાં આવશે. જેમાં ઈવીએમ, કંટ્રોલ યુનિટ, વીવીપેટ, મતકુટિર, બ્રેઈલ મતપત્રકો, મતદાન યાદીની નકલ, વિવિધ રજીસ્ટર અને પુસ્તિકાઓ, કવર, શ્યાહીની બોટલ, રબ્બર સ્ટેમ્પ, સ્ટેમ્પ પેડ, મીણબતી અને બાકસ, વિવિધ પ્રકારના સાઈન બોર્ડ, બોલપેન, કાગળ, ગુંદર, બ્લેડ, કાર્બન પેપર, દોરી વગેરે વસ્તુઓ આપવામાં આવશે.

મતદાન મથકો પર સીનીયર સીટીઝન અને દિવ્યાંગો માટે આવશ્યક સુવિધાઅ ઉભી કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણીમાં મતદાન મથકો પર સિનીયર સીટીઝન અને દિવ્યાંગો માટે આવશ્યક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ઉપરાંત મતદારો માટે પીવાના પાણી, શરબત, મેડિકલ કિટ, સ્વયંસેવકો, છાયાં–શેડની વ્યવસ્થા કરવામાં આવશે. ૭ મેના રોજ સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી મતદાન યોજાશે. મતદારોને મતદાનનો સુગમ અનુભવ મળે તે માટે તમામ મતદાન મથકો ખાતે જરૂરી આવશ્યક સુવિધાઓની વ્યવસ્થાઓ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

**અમરેલી લોકસભાના ડિસ્પેચીંગ સેન્ટર**

ડિસ્પેચીંગ સેન્ટર ધારી અરૂણ મુછાળા એન્જીનીયરીંગ કોલેજ પ્રતાપરાય આર્ટસ કોલેજ લાઠી તાલુકા પે સેન્ટર શાળા કુંડલા કે.કે.હાઈસ્કૂલ રાજુલા સેન્ટ થોમસ સ્કુલ મહુવા કે.જી. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ ગારીયાધાર એમ.ડી. પટેલ હાઈસ્કૂલ.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાનાં મતદારોને

પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ, સરકારના વિવિધ એકમો– કચેરીઓમાં કાર્ય કરતા હોયતેમનેઆપવામાંઆવેલાઓળખકાર્ડ, બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલી ફોટોગ્રાફ સાથેની પાસબુક, પાન કાર્ડ, એનપીઆર આરજીઆઈ સ્માર્ટ કાર્ડ, મનરેગા જોબ કાર્ડ, શ્રમ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આરોગ્ય વિમા સ્માર્ટ કાર્ડ, ફોટોગ્રાફ સાથેના પેન્શન દસ્તાવેજો, એમપી, એમએલએ, એમએલસીને આપવામાં આવેલા ઓફિશિયલ ઓળખ કાર્ડ, આધાર કાર્ડ, સામાજિકન્યાયમંત્રાલય દ્વારા આપવામાં આવેલા યુનિક– દિવ્યાંગ ઓળખ કાર્ડ સહિતના ૧૨ વૈકલ્પિક પુરાવાઓ મતદાન માટે માન્ય રહેશે.

મતદાન મથકો પર મતદાર સહાય કેન્દ્રો તૈયાર કરવામાં આવ્યા છે. મતદાન મથક પર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. ચૂંટણી ફરજ પરના અધિકારીઓ–કર્મચારીઓ દ્વારા ચૂંટણી ફરજ લક્ષી વિગતો માટે મોબાઈલ વપરાશની અનુમતિ રહેશે. મતદાનના દિવસે દરેક મતદાન કરી શકે તે માટે ઔદ્યોગિક એકમો સહિતમાં કામ કરતા, નોકરી કરતા કર્મચારીઓને સવેતન રજા આપવાની રહેશે. સવેતન રજા આપવામાં ન આવે તો મતદાર ટોલફ્રી નં. ૧૯૫૦ પર ફરિયાદ કરી શકે છે. દરેક મતદાન મથક ખાતે મતદાર સહાય બુથ, રેમ્પ, પીવાનું સ્વચ્છ પાણી, પર્યાપ્ત ફર્નિચર, વીજળી, શૌચાલય, ગ્રાઉન્ડ ફલોર પર મતદાન મથક સહિતની સુવિધાઓ સહિતની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે. દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો માટે વ્હીલચેર, લાવવા–લઈ જવા માટેની સુવિધા, દિવ્યાંગ, વરિષ્ઠ અને સગર્ભાઓને મતદાન માટે પ્રાથમિકતા મળી રહે તે માટે જુદી–જુદી લાઈનની સુવિધા રહેશે. ૮૦ ઉપરની વયના મતદારો અને ૪૦ ટકા કરતા વધુની દિવ્યાંગતાધરાવતા હોય તેવા મતદારોએ લાવવા–લઈ જવા માટેની સુવિધા મેળવવા માટે અગાઉ સુવિધા એપ પર અરજી કરી હોય તેમને લાવવા–લઈ જવા માટેની સુવિધા (ફ્રી ટ્રાન્સપોર્ટેશન) સુવિધા ઉપલબ્ધ થશે.

જિલ્લા ચૂંટણી અધિકારી દહિયાએ ઉમેર્યુ કે, હિટવેવ બાબતે સૂચના અનુસાર દર્શાવવામાં આવેલી બાબતોની તૈયારીઓ કરવામાં આવી છે. ૧૯૪ ઝોનલ ઓફિસર અને ૧૯૪ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, ૪,૦૫૦ પોલીંગ સ્ટાફ, ૩,૫૬૦ ફિમેલ પોલીંગ સ્ટાફ, ૧,૮૪૧ બી.એલ.ઓ, અંદાજે ૧,૧૦૦ ડિસ્પેચીંગ રિસિવીંગ સ્ટાફની નિમણુંક કરવામાં આવી છે. ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે તેમને ઈડીસી (ઈલેકશન ડયુટી સર્ટીફિકેટ) ની સુવિધા ઉપલબ્ધ રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી પંડયાએ જણાવ્યુ કે, સમગ્ર જિલ્લામાં સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત મતદાન જાગૃત્તિ અર્થે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. જિલ્લા અને તાલુકા કક્ષાએ ' રન ફોર વોટ' અને કબડ્ડી સહિતના કાર્યક્રમો–સ્પર્ધાઓના માધ્યમથી મતદાન જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. મતદાન જાગૃત્તિ અર્થે આશરે ૧,૫૦,૦૦૦ સંકલ્પ પત્રોનું વિતરણ કરવામાંઆવ્યું. ચુનાવ પાઠશાળા, ખેડુત પાઠશાળા, સામૂહિક મહેંદી સ્પર્ધા, મહિલાઓ માટેની ખાસ ગ્રામ સભા, વોકાથોન, હ્યુમન ચેઈન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિવિધ મતદાન જાગૃત્તિ કાર્યક્રમો થકી જિલ્લાના નાગરિકો સુધી મતદાન જાગૃત્તિ સંદેશ પહોંચાડવામાં આવ્યો છે.

પ્રેસ વાર્તાલાપ દરમિયાન જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘે જણાવ્યુ કે, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સતત જાળવી રાખવા માટે ૧૪ લોકોને પાસા હેઠળ જેલમાં ધકેલવામાં આવ્યા છે. ૨૧ લોકોને જિલ્લાની હદ બહાર તડીપાર કરવામાં આવ્યા છે. દેશી દારૂની ગુનાહિત પ્રવૃત્તિ પર સંપૂર્ણ અંકુશ માટે ૭૩૩ જેટલા કેસ દાખલ કરવામાં આવ્યા છે. હથિયારના પરવાના ધરાવતા હોય તેમના પાસેથી હથિયાર જમા લેવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ અને એ.ટી.એસ. સંયુકત ઓપરેશન અંતર્ગત રૂા.૧૩ કરોડનો મેફોડ્રેન ડ્રગ્સ સીઝ કરવામાં આવ્યો છે. નાસતા–ફરતા ૨૭ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે માટે સુરક્ષા દળ અને પોલીસ જવાનોની પર્યાપ્ત માત્રામાં તૈનાત કરવામાં આવ્યા છે. કાયદાનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલા લેવામાંઆવશે. પ્રેસ કોન્ફરન્સમાં શાબ્દિક સ્વાગત અમરેલી જિલ્લા માહિતી કચેરીના માહિતી મદદનીશ ધર્મેશભાઈ વાળાએ કર્યુ હતુ. અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી બી.પી. સકસેના અને જિલ્લાના માધ્યમકર્મીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૨ | ૧૪૨૬ |
| ૨ | ચણા | ૧૧૯૦ | ૧૧૯૯ |
| ૩ | બાજરો | ૪૬૧ | ૪૯૦ |
| ૪ | જુવાર સફેદ | ૬૧૬ | ૭૨૧ |
| ૫ | એરંડા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૬ | ઘઉં | ૪૬૦ | ૫૨૦ |
| ૭ | તલ | ૨૬૪૬ | ૨૬૫૬ |
| ૮ | જીરૂ | ૩૮૧૦ | ૩૮૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૦ | ૧૨૩૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૧ | ૧૨૪૭ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૫૧ | ૧૬૭૧ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૮૧૫ |
| ૫ | તલ કાળા | ૧૮૦૦ | ૩૧૭૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૭૦૦ | ૩૦૫૦ |
| ૭ | બાજરો | ૪૩૨ | ૪૯૭ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૪૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૦૦ |
| ૧૦ | મગ | ૧૧૫૦ | ૧૮૩૫ |
| ૧૧ | અડદ | ૧૭૧૦ | ૧૭૩૫ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૧૩ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૨૦ | ૧૨૫૬ |
| ૧૪ | તુવેર | ૧૪૪૦ | ૨૦૫૦ |
| ૧૫ | કપાસ | ૯૯૫ | ૧૫૨૮ |
| ૧૬ | એરંડા | ૯૨૦ | ૧૦૬૭ |
| ૧૭ | જીરૂ | ૨૫૯૦ | ૪૭૦૦ |
| ૧૮ | રાયડો | ૯૬૦ | ૯૬૦ |
| ૧૯ | રાય | ૯૦૦ | ૧૦૯૫ |
| ૨૦ | ઈસબગુલ | ૧૮૧૦ | ૨૨૭૦ |
| ૨૧ | ગમ ગુવાર | ૯૦૦ | ૯૫૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૬૯૯ |
| ૨૩ | ધાણી | ૧૩૩૦ | ૨૦૨૫ |
| ૨૪ | અજમા | ૧૮૭૦ | ૩૪૬૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૧૦૭૦ |
| ૨૬ | સોયાબીન | ૮૦૫ | ૮૭૩ |
| ૨૭ | મરચા લાંબા | ૬૪૦ | ૨૮૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૮૪૦ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૯૩૦ | ૧૨૩૫ |
| ૩ | શીંગ નવી | ૧૨૦૪ | ૧૩૨૬ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૯૦૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૫૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૬૩૬ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૭૬૧ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૫ | તુવેર | ૧૭૦૦ | ૨૧૩૬ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ૧૭ | ધાણા | ૧૨૫૧ | ૧૫૦૫ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૩૧ |
| ૧૯ | મકાઈ | ૪૦૦ | ૪૭૫ |
| ૨૦ | વાલ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૨૧ | કળથી | ૧૩૫૦ | ૧૫૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૦૦ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૪૨૬ | ૫૧૨ |
| ૩ | ચણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૪ | છોલે ચણા | ૧૭૫૬ | ૧૭૫૬ |
| ૫ | બાજરો | ૪૭૬ | ૪૭૬ |
| ૬ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૭ | ધાણા | ૧૦૫૫ | ૧૨૭૧ |
| ૮ | એરંડા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| ૯ | સોયાબીન | ૮૩૦ | ૮૩૧ |
| ૧૦ | સફેદ તલ | ૨૨૦૧ | ૨૫૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૯ |
| ૨ | ચણા | ૮૮૦ | ૧૧૪૨ |
| ૩ | ધાણા | ૧૧૩૨ | ૧૨૦૦ |
| ૪ | શીંગફાડા | ૧૩૧૫ | ૧૪૮૪ |
| ૫ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૨૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૧ |
| ૭ | જુવાર | ૫૧૫ | ૫૧૫ |
| ૮ | રાયડો | ૯૧૫ | ૯૧૫ |
| ૯ | તુવેર | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૧૦ | મગફળી | ૯૩૨ | ૧૧૫૦ |
| ૧૧ | સોયાબીન | ૬૯૦ | ૮૦૬ |
| ૧૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૧૨ |
| ૧૩ | એરંડી | ૧૦૦૪ | ૧૦૧૦ |
| ૧૪ | ઈસબગુલ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | રાય | ૭૯૫ | ૭૯૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૨ | ૧૫૨૮ |
| ૨ | મગફળી | ૧૧૨૮ | ૧૧૫૨ |
| ૩ | ઘઉં | ૪૫૫ | ૫૮૫ |
| ૪ | ચણા | ૧૧૫૨ | ૧૨૨૮ |
| ૫ | જીરૂ | ૩૬૩૦ | ૫૨૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૦ | ૨૬૧૦ |
| ૭ | એરંડા | ૧૦૦૫ | ૧૦૫૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૯૩ | ૧૩૨૬ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૬૬૫ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૪ | બાજરો | ૪૩૫ | ૫૩૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૫ |
| ૬ | જુવાર | ૪૬૧ | ૭૭૨ |
| ૭ | મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૮ | મેથી | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | અજમા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૦ | તુવેર | ૧૫૦૦ | ૧૮૮૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | જીરૂ | ૨૧૦૦ | ૩૪૦૦ |
| ૧૩ | એરંડી | ૮૫૦ | ૯૦૦ |
| ૧૪ | રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૫ | રાજગરો | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૬ | ચોળી | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૧૭ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપા મુળ મુદ્દાઓ પરથી ભાગી રહયાં છે : કોંગ્રેસ

# દેશની મુખ્ય સમસ્યા મોંઘવારી, બેરોજગારી અને મહિલા સુરક્ષા

**પ્રધાનમંત્રી કામની વાત કરવાને બદલે માત્ર નહેરૂ ગાંધી પર જ બોલ્યા કરે છે : સુપ્રિયા શ્રીનેત**

**ચુંટણી આવતા જ ભાજપ હિન્દુ મુસ્લિમ અને મુસ્લિમ લીગની વાત કર્યા કરે છે**

**પ્રધાનમંત્રી વિદેશનાં જુદા-જુદા દેશોમાં જશે પણ તેમનું હવાઈ જહાજ મણિપુર જતું નથી**

**'મ થી મુસ્લિમને બદલે મહિલાઓ અને તેમની પરેશાની વિષે બોલવાનું શરૂ કરો**

અમરેલી, તા.૬

દેશનાં મુળ મુદાઓ મોંઘવારીબેરોજગારી, મહિલાસુરક્ષા છે પણ દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપા મુળ મુદાઓ પરથી ભાગી રહેવા હોવાનો પ્રહાર કરતા કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય પ્રવકતા સુપ્રિયા શ્રીનેત એ જણાવ્યું હતું કે, મોદી ગુજરાત મુખ્યમંત્રી રહયા અને દેશમાં વડાપ્રધાન બન્યા છતાં કામ પર કેમ નથી બોલતા ? માત્ર નહેરૂ ગાંધી, રાહુલા ગાંધી પર કેમ બોલે છે. તમે ગરીબોને વધુ ગરીબ બનાવ્યા, ખેડૂતોને નુકશાન કર્યુ, મહિલાઓને વધુ અસુરક્ષિત કરી, જનતા જાણવા માંગે છે કે આગામી સમય માટે તમારી શું રણનીતિ છે, અમારો મેનિફેસ્ટો ૪૮ પેજનો છે, જેમાં દેશની દરેક સમસ્યાનું સમાધાન છે, ગરીબી, બેરોજગારી, મોંઘવારી, શ્રમિક, મહિલા તમામ બાબતોની સમસ્યાઓનો સમાધાન છે. અમારો મેનિફેસ્ટો, તમે ૧૦ વર્ષ સતામાં રહયા બાદ શ્રમિકો, યુવાઓ, મહિલાઓ પર બોલી શકો છો? ચુંટણી આવતા તમે હિન્દુ મુસ્લિમ અને મુસ્લિમ લીંગ પર વાત કરી રહયાં છો, મણિપુર અને મહિલાઓની વાત કરો, તમે ગ્રીસ જશો, રશિયા જશો પણ મણિપુર જવાનું આવે તો તમારા કરોડોનાં હવાઈ જહાજનું એન્જિન બંધ થાય છે, મને ગર્વ છે અમારા નેતા પર કે તેઓ ર વખત મણિપુર ગયા, દેશનાં પીએમ ૧૪ એપ્રિલ મૈસુર જઈને પ્રજવ્વલ રેવન્ના માટે મત માગે છે. હું એ રેવન્નાને રાક્ષસ કહું છું, તમે એવા પ્રજવ્વલ રેવન્ના માટે મત માંગો છો, શું મોદીજી જાણતા નહોતા કે રેવન્નાએ શું કર્યુ છે? ડીસેમ્બર મહિનાથી સ્થાનિક નેતાઓ કહી રહયાં હતા કે રેવન્નાને ટિકિટ ન આપો, જાન્યુઆરીમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરાઈ છતા તમે ટિટીકટ આપી, મામલો સામે આવ્યો ત્યારે તમે અંધારામાં દેશથી બહાર જવા દિધો, દેશની મહિલાઓએ મણિપુર, ઉન્નાવ, હાથરસ જોયું અને ગુજરાતની બિલકિસને પણ, હું મોદીજીને કહેવા માગું છું કે 'મ થી મુસ્લિમ લીંગ નહી પણ મહિલાઓને યાદ કરો, શું મજબૂરી છે તમારી કે તમે મેનિફેસ્ટો માટે દુષ્પ્રચાર કરો છો, અમારો મેનિફેસ્ટો ક્રાંતિકારી છે, અમે ઉ લોકોએ રૂમમાં બેસી મેનિફેસ્ટો નથી બનાવ્યો, અમારા નેતાએ ૪૦૦૦ કિમીથી વધુની યાત્રા કરી લોકોની સમસ્યાઓ સાંભળી છે, પીએમ મોદી અને ભાજપાએ જે સમસ્યાઓ ઉભી કરી છે તે દરેક સમસ્યાનું સમાધાન છે અમારો મેનિફેસ્ટો, નોકરીની વાત કરવામાં આવે તો કહેવાય છે કે પકોળા તળો, અમે પકોળા તળવા પણ તૈયાર છીએ પણ તમે તેલનો ડબ્બો પણ મોંઘો કરી દિધો છે, અમે ૩૦ લાખ નોકરીઓનો વાયદો કર્યો છે, ગુજરાતમાં પણ પેપરલીકની મુખ્ય સમસ્યા છે, યુપી, હરિયાણામાં પણ પેપરલીક થાય છે, પેપરલીકમાં જેમની સંડોવણી સામે આવે છે એમાં ભાજપ અને તેમના સંબંધીઓ જ હોય છે, અમે પેપર લીક સામે કડક કાયદો લાવીશું, સેના અને રક્ષાનું કામ ભાડે કે કોન્ટ્રાક્ટ પર ન થાય, અમે આ અગ્નિ વીરની વ્યવસ્થાને સંપૂર્ણ રીતે ખત્મ કરીશું,

જે રીતે સેનામાં ભરતી થતી હતી તે વ્યવસ્થા ફરી યથાવત કરાશે, અમારી સરકાર બનશે તો ૫૦% નોકરીમાં મહિલાઓ અને યુવતીઓને અનામત આપીશું, અમે ગરીબ મહિલાઓના હાથમાં વાર્ષિક ૧ લાખ રૂપિયા આપીશું, અમે નારી ન્યાયની વાત કરી છે, દેશમાં અન્નદાતાને એ સ્તર આપવામાં આવ્યુ છે કે તેમની વિરૂદ્ધ કોઈ બોલી ન શકે, નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોને મવાલી, ખાલિસ્તાની, આતંકી કહ્યાં, ખેડૂતો તો માત્ર MSP જ માગી રહ્યાં હતા ત્યારે ખેડૂતોના રસ્તાઓ પર ખીલ્લાઓ ઠોકી દીધા અને રસ્તાઓ ખોદાવ્યા. અમે કૃષિને GST થી મુક્ત કરવા જઈ રહ્યાં છીઓ ખેડૂતોનું દેવુ માફ કરીશુ, ખેડૂતોને MSP કાયદાની ગેરંટી આપીએ છીએ, ગુજરાત એક જુજારૂ રાજય છે, અમદાવાદમાં સ્વીગી, બ્લિંગકિટ, જોમેટો જેવી સુવિધાઓ છે, જે યુવક તમારી ડિલીવરી આપવા આવે છે તેમની ચિંતા અમને છે તેમના માટે પણ યોજના લાવીશું, લોક ડાઉનમાં મનરેગાએ ખુબ મહત્વનો ભાગ ભજવ્યો, અમે મનરેગામાં રોજનું વેતન રૂા.૪૦૦ કરવા જઈ રહ્યાં છીએ, રાજસ્થાનમાં અમે ચિરંજીવી યોજના લાગુ કરી હતી જે દેશભરમાં લાગુ કરીશું જેમાં ૨૫ લાખ સુધીનો લાભ મળશે, કોંગ્રેસ દેશમાં હિસ્સેદારી સુનિશ્ચિત કરશે, દેશમાં જેમની જેટલી ભાગીદારી છે તેમને શક્તિ અપાશે, દેશમાં કોંગ્રેસની સરકાર બનશે તો જાતિગત જનગણના કરાવીશું, અમે ગરીબ અને સામાન્ય વર્ગની વાત કરી રહ્યાં છીએ, નરેન્દ્ર મોદી આ વાત પર કહે છે કે કોંગ્રેસ તમારી ભેંસ, મંગલસૂત્ર અને સંપત્તિ લઈ લેશે, મંગલસૂત્ર એક મહિલા માટે માત્ર દોરો નથી, ૫૫ વર્ષ કોંગ્રેસની સત્તા રહી શું અમે કોઈના મંગલસૂત્ર કે ભેંસ છીનવી, ગલવાનમાં જે જવાનો શહીદ થયા હતા તેમની વિધવાઓના મંગલસૂત્રનો શું હિસાબ છે? જે ઈંદિરા ગાંધીએ યુદ્ધ માટે પોતાના ઘરેણા આપી દિધા હતા એ પક્ષને તમે મંગલસૂત્રનું પુછો છો, તમારો રિપોર્ટ કાર્ડ એ છે કે તમારો ખેડૂત રૂા.૧૬૦૦ પ્રતિ દિવસ કમાઈ રહ્યો છે જયારે સામાન્ય ખેડૂત રૂા.૧૬ પ્રતિદિન કમાઈ રહ્યો છે. તમારો રિપોર્ટકાર્ડ એ છે કે તમે ૨ હિંદુસ્તાન બનાવ્યા, એક ચકાચોંધવાળુ હિંદુસ્તાન અને એક એ હિંદુસ્તાન G20 દરમિયાન પડદાઓ ઢાંકવામાં આવે છે, ગુજરાતમાં નાના ઉદ્યોગોની શું સ્થિતી છે.GST, નોટબંધીથી મુકશેલીમાં છે. તમે ૬૫૦૦ કરોડ રૂપિયા તમારી ઈમેજ ચમકાવવા પાછળ કર્યા છે, બે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચૂકયુ છે, બે તબક્કાના મતદાન બાદ બીજેપીના પગ નીચેથી જમીન સરકી ચૂકી છે, ૨૦૨૪માં ૨૦૦૪ જેવુ પરિણામ આવવા જઈ રહ્યું છે, જનતા સમજી ગઈ છે કે પીએમ મોદી ૪૦૦ પારની વાત બંધારણ બદલાવવા કરી રહ્યાં છે, ભાજપા ગમે તેવી ગુમરાહ કરે અમે મુદ્દાઓ પર અડગ છીએ, ઈલેકટોરલ બોંડના નામે ચંદા દો, ધંધા લોનો ખેલ ખેલાયો, ED, CBI, ITની દરોડા બાદ બીજેપીને ડોનેશન અપાયુ, ગૌ માંસ વેચનાર કંપનીઓ પાસેથી ભાજપાએ ફંડ લીધુ, ઈલેકટરોલ બોંડના નામે ગોરખ ધંધો ચલાવવામાં આવ્યો, સપ્ટેમ્બર –૨૦૨૩ સુધીની એજયુકેશન લોન અમે માફ કરીશું, ગુજરાત પર જે GST લગાવાયુ છે તેમાં અમે સુધારા કરીને નવેસરથી લાગુ કરીશું, મનરેગા અને ખાદ્ય સુરક્ષા કાનૂન આપ્યા. કોંગ્રેસ તમારી ભેંસ લઈ લેશે. તમારૂ મંગળસૂત્ર લઈ લેશે. ૭૦૦ ખેડુતોના વિધવાઓની મંગળ સૂત્રનો શુ હિસાબ છે. અમે ૨૭ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર નીકળાય. તમે બે હિન્દુસ્તાન બનાવ્યા. ભાજપાનું રીપોર્ટ કાર્ડ પૂંજીપતિઓ માટે બનાવ્યું છે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય પ્રવક્તા સુપ્રિયા નેતાએ જણાવ્યું હતું કે, ગુજરાત ક્રાંતિકારી અને આંદોલનની ભૂમિ છે પણ આ સરકારે તમામ આંદોલનોને કચડી નાંખ્યા, પાટીદાર આંદોલન હોય કે ક્ષત્રિય આંદોલન તમામને ખત્મ કરવાનું કાર્ય કર્યુ છે, ગુજરાતમાં શિક્ષકોની ૩૨૦૦૦ થી વધુ જગ્યા ખાલી છે, વર્ગખંડોની ૩૮૦૦૦ થી વધુ ઘટ છે. તો શું આ છે તમારૂ ' ભાજપ મોડલ ? ચૂંટણીમાં ભાજપ ' પાકિસ્તાન ને લાવે તો તેમની ચૂંટણી અધુરી રહે છે, દરેક ચૂંટણીમાં ભાજપને પાકિસ્તાન યાદ આવી જ જાય છે, પીએમ મોદી મંચ પરથી મુસ્લિમો અંગે કેવા પ્રકારના નિવેદન આપે છે, પીએમ મોદીએ ૯ ફેબ્રુંઆરી ૨૦૨૨ના ANIને કહ્યું હતુ કે ગુજરાતમાં મુસ્લિમોને તેમણે આરક્ષણ આપ્યુ હતુ, તમે મધ્ય પ્રદેશમાં પણ મુસ્લિમોને આરક્ષણ આપ્યુ હતુ, ૧૯૯૪ની એક રિપોર્ટના આધારે દેવેગેડાએ એ આરક્ષણ આપ્યુ હતુ અમે નથી આપ્યુ, કર્ણાટકમાં તમારી સરકાર રહીં પણ તમેએ આરક્ષણ ન હટાવ્યુ, પી એમ મોદી જાતિગત જનગણનાથી દૂર ભાગવા આવા પ્રકારની વાત કરે છે, ભાજપ અને પીએમ મોદી જણાવે કે તમે જાતિગત જનગણનાની સાથે છો કે વિરૂદ્ધમાં એ દેશને જણાવે, પ્રધાનમંત્રીના સંબોધનમાં વારંવાર રાહુલ ગાંધી પર પ્રહાર કરે છે તેમજ લોકોના મુદ્દાથી અલગ મુસ્લિમ રિઝર્વેશન, મુસ્લિમ લીગ તેમજ પાકિસ્તાનની વાત કરે છે તેનાથી દેખાય છે કે પ્રધાનમંત્રી રાહુલ ગાંધીથી ગભરાઈ ગયા છે, પ્રધાનમંત્રી હવે કોંગ્રેસ જીતશે તો આમ કરશે તે કહેવા લાગ્યા છે ૪૦૦ ની પાર વાત એક તરફ તેઓ હવે વારંવાર પોતાના ભાષણમાં કોંગ્રેસ જીતશે તો આમ કરશે તેવી વાતો કરતા થયા છે, શહેરની ગિગ ઈકોનીમી માટે અમે સામાજિક સુરક્ષા આપીશું.

## અમરેલી : ૪૦ સખી (Pink Polling Station), ૭મોડેલ, ૭ PWD અને એક યુવા મતદાન મથક સહિત ૬૪ વિશેષ મતદાન મથકો

અમરેલી તા.૦૬

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે તા.૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. મતદાતાઓને આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિશેષ મતદાન મથકો જોવા મળશે. અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૬૪ વિશેષ મતદાન મથકો રહેશે. ૯૪–ધારી–બગસરા, ૯૫–અમરેલી –વડીયા–કુંકાવાવ, ૯૬–લાઠી –બાબરા, ૯૭– સાવરકુંડલા–લીલીયા, ૯૮–રાજુલા –જાફરાબાદ, ૯૯–મહુવા અને ૧૦૧–ગારિયાધાર સહિત સાત વિધાનસભા દીઠ એક એમ કુલ ૪૯ સખી (Pink Polling Station), સાતવિધાનસભાદીઠએક એમ કુલ ૭ મોડેલ, સાત વિધાનસભા દીઠ એક એમ કુલ ૭ PWD અનેએક યુવા મતદાન મથક સહિત ૬૪ વિશેષ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

સાત વિધાનસભા દીઠ એક એમ કુલ ૭ PWD મતદાન મથકમાં, ધારીનાછતડીયાપ્રાથમિકશાળા (સાઈડ રૂમ), અમરેલી સ્થિત આર.પી. મહેતા વિદ્યાલય– રૂમ નં.૧૦, લાઠી સ્થિત લુવારિયા દરવાજા પ્રાથમિક શાળા– રૂમ નં.૩, સાવરકુંડલા સ્થિત મોદી હાઈસ્કુલ દક્ષિણ તરફનો રૂમ, રાજુલા સ્થિત તાલુકા શાળા નં.૩–ઢમનં.૪, મહુવા સ્થિત પારેખ હાઈસ્કુલ–ઢમ નં.૨, ગારિયાધાર સ્થિત નવી પ્રાથમિક શાળા–વાવપ્લોટ, પશ્ચિમ તરફનો ઢમ દિવ્યાંગ–PWD સંચાલિત મતદાન મથકરહેશે.

સાત વિધાનસભા દીઠ એક એમ કુલ ૭ મોડેલ પોલીંગ સ્ટેશનમાં, ધારી વિધાનસભામાં સમાવિષ્ટ ખાંભા કન્યાશાળા રૂમ નં.૩, અમરેલી સ્થિત કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ પશ્ચિમ તરફનો રૂમ, લાઠી સ્થિત સંઘવી કન્યા શાળા રૂમ નં.૪, સાવરકુંડલા સ્થિત પ્રાથમિક શાળા નં.૨, કન્યા શાળા ઉત્તર તરફનો રૂમ, રૂમ નં.૨, રાજુલા કન્યા શાળા નં.૩–ઢમ નં.૧, મહુવા બીસીએ કોલેજ નવું મકાન ઢમ નં.૦૨, ગારિયાધાર નવી પ્રાથમિક શાળા, પશ્ચિમ તરફનો ઢમમાં આદર્શ મતદાન મથક રહેશે. લાઠી સ્થિત સંઘવી કન્યા શાળા રૂમ નં.૨ પર ચૂંટણી ફરજ પરના યુવા અધિકારીઓ–કર્મચારીઓ સંચાલિત મતદાન મથક રહેશે. આ ઉપરાંત સાત વિધાનસભા દીઠ સાત–સાત એમ ૪૯ સખી મતદાન મથકો (PinkPollingStation) રહેશે.આ મતદાન મથકો પર ચૂંટણી ફરજ પરના મહિલા અધિકારીઓ, કર્મચારીઓ સંચાલિત મતદાન મથક રહેશે.

**મતદાન પરમો ધર્મઃ**

મતદાન કરજો, વીક થતાં નહીં.  
વૈચારિક નપુંસક થતાં નહીં.  
લોકશાહીનાં હિંસક થતાં નહીં.  
ઓછો ખરાબ હોય તેને ચૂંટજો,  
ઘરે બેઠા રહેવાની ટ્રિક કરતાં નહીં.  
૫ વર્ષે એક જ દિન હોય તમારો,  
મતદાન કરજો, વીક થતાં નહીં.  
અત્યારે તક છે શાસન પતિ  
ચૂંટવાની, પછી ફરિયાદ કરવાની  
રીત કરતાં નહીં.  
ભય, ભોજન,ભેટ માટે વોટ ના  
વેંચતા;  
જ્ઞાતિ, ધર્મ ની જીદ કરતાં નહીં.  
ખુલ્લેઆમ મતદાન કરજો,કરાવજો;  
ઘરમાં સંતાઈ જાત ને ચીટ કરતાં  
નહીં.  
છે મતદાન હક્ક અને ફરજ  
આપણી,  
ધર્મપાલન માં બેકફુટ કરતાં નહીં.

–મિત્તલ ખેતાણી

**શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરુદ્ધ અરજી થઈ હતી**

## હાઈકોર્ટના આદેશથી શાળાઓને રાહત અને વાલીઓને ઝટકો

**દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે, આવામાં શાળા એકલી કેમ તેનો ખર્ચો ઉઠાવે?**

નવી દિલ્હી, તા.૬

દિલ્હીની મોટી મોટી શાળાઓમાં પોતાના વ્હાલાસોયા બાળકોનું એડમિશન કરાવવા ઈચ્છતા માતા પિતા હવે કલાસરૂમમાં જો એસીની સુવિધા ઈચ્છતા હોય તો તેનો ખર્ચો ભોગવવા માટે પણ તૈયાર રહે. દિલ્હી હાઈકોર્ટે શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર ટિપ્પણી કરતા કહ્યું કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે. આવામાં શાળા એકલી કેમ તેનો ખર્ચો ઉઠાવે?

વાત જાણે એમ છે કે દિલ્હીની પબ્લિક સ્કૂલમાં નવમાં ધોરણના વિદ્યાર્થીના પિતાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને શાળા તરફથી એસી ચાર્જ વસૂલવા મુદ્દે હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો. અરજીમાં કહેવાયું હતું કે શાળા એસીના નામ પર દર મહિને ૨૦૦૦ રૂપિયા વધારાની ફી વસૂલે છે. માતા પિતાનો એવો તર્ક હતો કે વિદ્યાર્થીઓને એસીની સુવિધા આપવાની જવાબદારી શાળા મેનેજમેન્ટની છે. આથી તેમણે પોતાના ફંડથી તેનો ખર્ચો ઉઠાવવો જોઈએ. જો કે હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી.

દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે શાળા મેનેજમેન્ટ એકલા એસીનો ખર્ચો કેમ ઉઠાવે? વાલીઓએ પણ તેમાં ફાળો આપવો જોઈએ. કોર્ટે એમ કહીને અરજી ફગાવી કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે અને ચલાવવામાં આવે છે. આવામાં શાળા એકલી કેમ તેના ખર્ચનો બોજો ઉઠાવે? આ સુવિધા લેબ જેવી સુવિધાઓથી અલગ નથી. શાળા મેનેજમેન્ટ તરફથી કહેવાયું કે એસીની ફી રસીદમાં નોંધાયેલી છે. દિલ્હી હાઈકોર્ટના કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોડાની બેન્ચે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે હાલ એડમિશનનો સમય છે. વાલીઓ પોતાના બાળકોનું એડમિશન કરાવતા પહેલા નિયમો, શરતો, ફી અને અન્ય બાબતો ધ્યાનથી વાંચે અને સમજે. કારણ કે અનેક સુવિધાઓ અધ્યયન અધ્યાપનથી અલગ હોય છે.

## ચુંટણી ફરજ પર રોકાયેલા છે તેવા ૮,૧૧૭ અધિકારીઓ- કર્મચારીઓને મતદાન માટેની વ્યવસ્થા કરાઈ

અમરેલી તા.૦૬

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત તા.૭ મે, ૨૦૨૪ને મંગળવાર રોજના સવારે ૦૭.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. મતદાન પ્રક્રિયા માટે ૧૯૪ ઝોનલ ઓફિસર, ૧૯૪ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર ૧૯૪, ૪,૦૫૦ પોલિંગ સ્ટાફ, ૩,૫૬૦ મહિલા પોલીંગ સ્ટાફ, ૧,૮૪૧ બીએલઓ, ૧,૮૪૧ પટ્ટાવાળા, ડિસ્પેચ–રિસિવિંગ સ્ટાફ અંદાજે ૧,૧૦૦ સહિત ૧૨,૭૮૦ અધિકારીઓ–કર્મચારીઓ ચૂંટણી ફરજ બજાવશે. મતદાન મથક સુધી જવા સક્ષમ નથી તેવા ૮૫થી વધુ વયના ૧,૦૦૬ વરિષ્ઠ નાગરિકો અને ૨૩૧ દિવ્યાંગ મતદાતાઓને ઘરબેઠાં મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવી છે. આવશ્યક સેવા સાથે જોડાયેલા છે તેવા નાગરિકોને મતદાનના દિવસે પોતાના મતદાન મથક પર જઈ મતદાન કરી શકે તેમ તેવા ૨૭૫ Essential Service Voter મતદાતાઓને પોસ્ટલ બેલેટ માફરતે મતદાન કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મતદાનના દિવસે મતદાન માટે પોતાના મતદાન મથક પર જઈ શકે તેમ ન હોય અને ચૂંટણી ફરજ પર રોકાયેલા છે તેવા ૮,૧૧૭ અધિકારીઓ–કર્મચારીઓ તેમના મતદાનનો અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમને તેમના ચૂંટણી ફરજ પરના મતદાન મથક પર મતદાન કરવા EDC (ELECTION DUTY CERTIFICATE) આપવામાં આવ્યા છે.

**Elector's Photo Identity Card (EPIC) ઉપરાંત મતદાન માટે અન્ય ૧૨ પુરાવાઓ માન્ય**

## લોકશાહીનું મહાપર્વ : આજે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે

**મતદાતા ઓળખ કાર્ડ ન હોય તો પણ આ ૧૨ માન્ય પુરાવાઓ હોય તો મતદાતા મતદાન કરી શકે છે**

અમરેલી, તા.૦૬

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત તા.૦૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૭ વાગ્યા થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. મતદાતાઓને મતદાન માટે મતદાન ઓળખ કાર્ડ (Elector's Phptp Identity Card) સિવાયના ૧૨ માન્ય દસ્તાવેજો રજૂ કર્યેથી મતદાનનો તેમનો અધિકાર અને ફરજ નિભાવવા મળે છે. ચૂંટણી કાર્ડ (એપીક) ઉપરાંત પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ, સરકારના વિવિધ એકમો– કચેરીઓમાં કાર્ય કરતા હોય તેમને આપવામાં આવેલા ઓળખ કાર્ડ, બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલી ફોટોગ્રાફ સાથેની પાસબુક, પાન કાર્ડ, એનપીઆર આરજીઆઈ સ્માર્ટ કાર્ડ, મનરેગા જોબ કાર્ડ, શ્રમ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આરોગ્ય વિમા સ્માર્ટ કાર્ડ, ફોટોગ્રાફ સાથેના પેન્શન દસ્તાવેજો, એમપી, એમએલએ, એમએલસીને આપવામાં આવેલા ઓફિશિયલ ઓળખ કાર્ડ, આધાર કાર્ડ, સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા આપવામાં આવેલા યુનિક – દિવ્યાંગ ઓળખ કાર્ડ સહિતના ૧૨ વૈકલ્પિક પુરાવાઓ મતદાન માટે માન્ય રહેશે. નાગરિકોને મતદાતાઓને મતદાન માટે મતદાન ઓળખ કાર્ડ (Elector'sPhptpIdentityCard) ઉપલબ્ધ ન હોય તો તેઓ આ સિવાયના ૧૨ માન્ય દસ્તાવેજોનો પણ મતદાન માટે ઉપયોગ કરી શકે છે.અમરેલી જિલ્લાના મતદાતાઓને મતદાન કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓનો સમર કેમ્પ સમાપન સમારોહ ઉજવાયો






શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં અમરેલી જીલ્લા અને આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓને રિફ્રેશમેન્ટ, રીક્રીએશન અને ફન સાથે છેલ્લા ૧૫ દિવસથી બાળકોને વિવિધ ગેમ,એક્ટીવીટી, ઈન્ડોર તથા આઉટડોર ગેમ, સ્કીલ ડેવલોપમેન્ટ, ચિત્ર, કરાટે,જુડો, સ્કેટિંગ, ક્રિકેટ, ક્વીઝ, ક્રાફટ, વોલીબોલ, હેન્ડબોલ, એથલેટીકસ, સ્વીમિંગ, યોગ પ્રાણાયામ, વિવિધ અંગ કસરતો વગેરે વૈવિધ્યપૂર્ણ પ્રવૃતિ દ્વારા બાળકોમાં શારીરિક, માનસિક બૌધ્ધિક અને સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થાય તેમજ બાળકોમાં સંપ–સહકાર,શિસ્ત અને સંસ્કારનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી સમરકેમ્પ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધી સ્પર્ધાઓ માટે એઈઝ ગ્રુપ અ૧ અને અર વિભાગો કરવામાં આવ્યા હતા સંસ્થા તરફથી સમર કેમ્પમાં જોડાયેલ વિદ્યાર્થીઓને ટીશર્ટ, કેપ અને દરરોજ અલગ–અલગ પોષ્ટિક નાસ્તો તથા ફ્રુટ આપવામાં આવેલ એઈઝ ગ્રુપ મુજબ ગેમ તથા એક્ટીવીટીમાં ભાગ લઈ સર્વાંગી વિકાસ માટેનું વાતાવરણ મળે,સુષુપ્ત શક્તિઓ ખીલે અને બાળકોમાં સંઘભાવનાથી કામ કરવાની ટેવ પડે, હળવાશથી વિવિધ પ્રવુતિઓમાં ભાગ લઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવે, શિક્ષણના ભારમાંથી મુક્ત થઈ ઉમંગને ઉલ્લાસથી જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવાની પ્રેરણા મળેતે માટે શાળા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા પ્રેરણાદાયી પુસ્તક આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમર કેમ્પ સમાપન સમારોહ ભવ્ય રીતે યોજવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી,મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ તમામ સ્ટાફગણ, કોચો તથા વિદ્યાર્થીઓને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલાએ કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા

# લીલીયામોટા ખાતે શનિવારે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાની સભા યોજાઈ

**કોંગ્રેસી આગેવાનો પરાજય ભાળી જતાં વાણી-વિલાસ કરતાં જોવા મળી રહ્યા છે : કસવાલા**

**દેશને વિકસિત બનાવવા માટે ભાજપનાં ઉમેદવારને મત આપવા હાંકલ કરાઇ**

**સમગ્ર પંથકમાંથી મોટી જનમેદની એકત્ર થતાં ભાજપીઓ ઉત્સાહમાં જોવા મળ્યા**

**પૂર્વ કૃષિમંત્રી બેચરભાઇ ભાદાણી, ભાજપ મહામંત્રી ભૂપેન્દ્ર બસીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



લીલીયા મોટા, તા. ૬

લીલીયા મોટા ખાતે તા. ૪/૫/૨૪નાં રોજ સરદાર ચોક ખાતે રાત્રીનાં ભાજપનાં અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાંસમર્થનમાંજંગીજાહેરસભા યોજાઈહતી.આતકેજિલ્લાપંચાયતનાં સદસ્ય વિપુલભાઈ દુધાતે ઉપસ્થિત અગ્રણી આગેવાનો અને ઉપસ્થિત જનમેદનીને શાબ્દિક રીતે આવકાર્યા હતા. ત્યારબાદ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કોંગ્રેસની નીતિ–રીતિ પર આકરા પ્રહાર કરી કોંગ્રેસને આડે હાથ લીધી હતી અને કોંગ્રેસી આગેવાનોના વાણીવિલાસઅનેનિવેદનનોનીઆકરી ટીકા કરી હતી. ભારતીય જનતા પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં દેશની વિવિધ યોજનાના બે મોઢે વખાત કરી ઉપસ્થિત જનમેદનીને આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં લોકસભાનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાની તરફેણમાં જંગી મતદાન કરવા અપીલ કરી હતી. આ તકે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણી, જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા, ભીખાભાઈ ધોરાજીયા, અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત, મગનભાઈ વિરાણી, ભનુભાઈ ડાભી, જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, કાનજીભાઈ નાકરાણી, કેતનભાઈ ઢાકેચા સહિત લીલીયા તાલુકા ભાજપનાં તમામ સેલ મોરચાના કાર્યકરો, હોદ્દેદારો, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, આગેવાનો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ભૌગોલિક રીતે પડકારજનક સ્થિતિ છતાં પણ લોકશાહીને જીવંત રાખતું ચુંટણીતંત્ર

# અરબી સમુદ્રની વચ્ચે આવેલા શિયાળબેટ ટાપુમાં મતદાન માટેની સુવિધાઓ પહોંચી

**રાજુલાથી બસમાં અને દરિયાઈ માર્ગે જેટી અને હોડીમાં શિયાળબેટ ટાપુ પર પહોંચ્યા ઈ.વી.એમ.**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા. ૭મે, ૨૦૨૪ના રોજ મંગળવારના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી લોકસભાની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાશે. પ્રત્યેક નાગરિક તેના મતદાનનો ઉપયોગ કરી શકે તે માટે રાષ્ટ્રના ચૂંટણી પંચ દુર્ગમ વિસ્તારોમાં અનેક પડકારોની વચ્ચે પણ મતદાન પ્રક્રિયાની તૈયારીઓ સાથે સજ્જ અને કટિબધ્ધ છે. અમરેલી જિલ્લામાં જાફરબાદ તાલુકામાં દરિયાની વચ્ચે આવેલો શિયાળ બેટ ટાપુ એ વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ધરાવે છે. દરિયાથી ચોમેર ઘેરાયેલા ટાપુ પર વસતા મતદારો મતાધિકારથી વંચિત ન રહે તેથી અમરેલી જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા દરિયામાં હોડી મારફતે ઈ.વી.એમ. મશીન અને મતદાન સામગ્રીઓ પહોંચાડવામાં આવે છે અને શિયાળ બેટમાં મતદાન પ્રક્રિયાઓને અનુસરવામાં આવે છે.

રાજુલા મુકામે આવેલા ઈ.વી.એમ. ડિસ્પેન્ચીંગ કેન્દ્ર ખાતેથી શિયાળબેટ ખાતે યોજનાર મતદાન પ્રક્રિયા માટે બસ મારફતે જેટી સુધી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ મદદનીશ ચૂંટણી

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)